આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

# ઘરશાળા

વર્ષ : ૮૪ • અંક : ૯
સળંગ અંક : ૧૦૧૦
જાન્યુઆરી-૨૦૨૫



તારીખ ૦૧-૧૨-૨૦૨૪ના રોજ સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત વિવિધ શાળાઓમાં અભ્યાસ કરી ગયેલા પૂર્વ વિદ્યાર્થીઓ "સારસ્વતો"નો સ્નેહમિલન કાર્યક્રમ સરસ્વતી નાગરિક સમાજ દ્વારા સરસપુર કેમ્પસમાં યોજ્યો હતો. આ કાર્યક્રમમાં સરસ્વતી નાગરિક સમાજના બંધારણની વિગતોથી સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા. સૌ સારસ્વત મિત્રોએ નાગરિક સમાજના બંધારણને આવકાર્યું હતું અને તેઓના વિદ્યાર્થીકાળને વાગોળ્યો હતો. આ પ્રસંગે મુરબ્બી શ્રી જશીબેનના દિકરી શ્રીમતી ઇરાબેન ઘોષ નાયકે સૌને પ્રેરણાત્મક ઉદ્‌બોધન કર્યું હતું.










# ઘરશાળા

વર્ષ : ૮૪

સળંગ અંક : ૧૦૦૯ જાન્યુઆરી - ૨૦૨૫



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| સહતંત્રી : | અશોકભાઈ સોમપુરા |
| વ્યવસ્થા અને સંકલન : | કે. ડી. પટેલ |
| પરામર્શ : | અમિતાબહેન પાલખીવાલા |


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.


-: ઘરશાળા કાર્યાલય સરનામું :-

સરસ્વતી વિદ્યામંડળ
ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ
સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮

ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭
મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩


## અનુક્રમ


| | |
|---|---|
| સ્વાધીનોનું ગીત | સ્નેહરશ્મિ/૪ |
| સંપાદકીય - વિશ્વ સંકુચિત થતું જાય છે. | જ્યોતીન્દ્રભાઈ દવે/૫ |
| ‘શૂરવીર’ લોક-શિક્ષક | ઈશ્વર પરમાર/૭ |
| નીતિવાળું કામ તે શું? | મો.ક. ગાંધી/૧૪ |
| ગાંધીજીના ચમત્કારનું રહસ્ય | ગુણવંત શાહ/૧૭ |
| સાર્થક કાર્ય, સાર્થક જીવન | મનસુખ સલ્લા/૧૮ |
| આઝાદીના ગર્ભમાં રહેલા નવરસ | અમિતાબેન પાલખીવાલા/૨૫ |
| રમેશ વીરોડિયા | હિરજીભાઈ નાકરાણી/૩૧ |
| પાયાનું શિક્ષણ : વિચાર કરવાનું શિક્ષણ | હરેશ ધોળકિયા/૩૨ |
| વર્તમાન યુદ્ધનું વિનાશક શસ્ત્ર : ભૂખમરો | કુમારપાળ દેસાઈ/૩૮ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા/૪૨ |



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication


## લવાજમ અંગેની માહિતી

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૫૦૦ | ₹ | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૮૫૦ | ₹ | ૮૫૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઈલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.

-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-
બેંકનું નામ :- બેંક ઓફ બરોડા
ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક
આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)

# સ્વાધીનોનું ગીત

સ્વાધીન અજય છે ભોમ અમારી
મુક્ત અજય અમ સરિતા-નીર;
ગિરિ ગહ્વર ને ખીણ કોતરો,
મુક્ત સદા અમ સાગર-નીર!
સ્વાધીન! અમે સ્વાધીન!

વિશાળ ગોચર ધણ અમ વિહરે,
મુક્ત મત્ત અમ ગોપી ગોપ;
ભર્યાં ભર્યાં ખેતર અમ વિલસે,
મુક્ત નભે લહેરંતા રોપ!
સ્વાધીન.

સ્વાધીન ખડાં અમ ઘર જહીં રૂડાં,
જ્યાં સ્વાધીન સુખી સંસાર;
મુક્ત જહીં અમ મા વહુ બેટી,
ખેલે મુક્ત જહીં અમ બાળ!
સ્વાધીન.

ખુશ્કી તરી કે દળો હવાઈ
ખડાં સદા અમ રક્ષા કાજ,
વિશાળ તેની પાંખ નીચે શાં
મુક્ત તરે સાગર અમ જહાજ!
સ્વાધીન.

પડે નજર એ પર જે ઝેરી,
ખાતી તે અહીં મોત પછાડ,
ઊભા સંગી અમે સદા જ્યાં
હિમગિરિ સરખા માનવ-પહાડ!
સ્વાધીન.

દાસ્ય-દીનતા પ્રજ્વળી કજળે
દેખી અમને રુદ્ર સમાન!
પુત્ર અમે સૌ ભોમતણા આ
અજય મુક્ત નિર્ભય બળવાન!
સ્વાધીન.

વંદન હો અમ મુક્ત હવાને
વંદન હો તુજને મા-ભોમ!
અમો જીવતાં મુક્ત તું નિત હો–
મુક્ત નભે જ્યમ સૂરજ સોમ!
સ્વાધીન.

સ્વાધીન! અમે સ્વાધીન! સદા સ્વાધીન!
અમે સૌ ઉન્નત-શિર;
મુક્ત અજય છે ભોમ અમારી,
મુક્ત અજય અમ વહે સમીર.
સ્વાધીન.

**– સ્નેહરશ્મિ**

# સંપાદકીય



જ્યોતીન્દ્રભાઈ દવે

## વિશ્વ સંકુચિત થતું જાય છે.

માનવ સંસ્કૃતિના વિકાસ સાથે રાજ્ય વ્યવસ્થામાં પણ પરિવર્તનો આવ્યા છે. ટોળી અને કબિલાથી શરૂ થયેલો માનવસમૂહ આજે વિવિધ દેશો અને દેશોના સમૂહમાં પરિવર્તિત થયો છે. ગઈ સદીની શરૂઆતથી લોકશાહી પદ્ધતિ વિશ્વમાં વધુ સ્વીકાર્ય બની છે. હા તેના સ્વરૂપ અને બંધારણમાં સૌને અનુકૂળ હોય તેવી વિવિધતા જોવા મળે છે. સરમુખત્યાર અને એક પક્ષીય સરકારો પણ છે.

પાછલી સદીએ બે વિશ્વયુદ્ધનો સર્વનાશ પણ જોયો છે. પ્રથમ વિશ્વયુદ્ધમાં માનવ સંહારને જોયા પછીના વિષાદયોગથી આંતરરાષ્ટ્રીય સંસ્થા **''લીગ ઑફ નેશન''** અસ્તિત્વમાં આવી પણ તે હજુ અસરકારક બને તે પહેલાં જ વિશ્વના માથે બીજું વિશ્વ યુદ્ધ આવી પડ્યું. રાજ્યો અને રાજ્ય સત્તાએ પોતાના સંકુચિત ઉદ્દેશો પાર પાડવા માનવ ઈતિહાસમાં ન જોયો હોય તેવો માનવ સંહાર થયો. નિર્દોષ બાળકો, સ્ત્રીઓ અને સામાન્ય નાગરિકોની નિર્મમ સામૂહિક હત્યાઓ કરવામાં આવી. બીજા વિશ્વયુદ્ધમાં અણુ બોમ્બ જેવું નવું અને વિનાશક શસ્ત્ર માનવજાતે જોયું.

કેટલાક રાષ્ટ્રસમૂહ જીત્યા, કેટલાક હાર્યા. વિશ્વનો નકશો બદલાયો પણ અંતે તો કેટલાય બાળકો અનાથ થયા. કેટલીય સ્ત્રીઓએ પતિ ગુમાવ્યા અને વૃદ્ધોએ તેમના પુત્રો ગુમાવ્યા. ફરી પાછું મહાભારતના શાંતિપર્વમાં બને છે તેમ વિશ્વને સામૂહિક ડહાપણ લાધ્યું અને ફળશ્રુતિરૂપે **''યુનો''** આપણને મળ્યું. વિશ્વ શાંતિ અને રાષ્ટ્ર વચ્ચે સહકાર સદ્‌ભાવના અને માનવ કલ્યાણનો સેતુ રચાય, તેવી એક વૈશ્વિક સંસ્થાનું નિર્માણ થયું. યુદ્ધમાં જીતેલા રાષ્ટ્રોનું પ્રાયશ્ચિત હતું અને વિશ્વના સહિયારા કલ્યાણની ખેવનાવાળી સંસ્થા વિશ્વને મળી. વિશ્વ સમૂહના કલ્યાણની એક દિશા ખુલી. પાછળના ૭૫ થી પણ વધુ (બીજા વિશ્વયુદ્ધ પછીના) વર્ષનો ઈતિહાસ તપાસીએ તો યુદ્ધો તો થયા જ અને ચાલુ પણ રહ્યા. રાષ્ટ્રહિતો ટકરાયા પણ ખરા અને ક્યારેક યુનોનો મલાજો જળવાયો પણ ખરો. કાળક્રમે યુનોના માળખાગત બંધારણની મર્યાદાઓ કે ખામીને કારણે યુનો હવે અસરકારક રહ્યું નથી. તુલસીદાસે પણ કહ્યું છે તેમ - ''સમરથ કો ન દોષ ગુસાઈ''

તાકાતવાન અને બળવાન રાષ્ટ્રએ સમગ્ર વૈશ્વિક સંસ્થાને બાનમાં લીધી છે. યુનો હવે માત્ર દ્રષ્ટા બની ગયું છે અને આપણે જોઈએ છીએ કે ઈઝરાયેલ અને આરબ દેશો કે યુક્રેન અને રશિયાના યુદ્ધમાં અસરકારક ભૂમિકા ભજવી શકતું નથી. વિશ્વમાં સદ્‌ભાવના અને ભાઈચારો ઊભો કરવામાં લગભગ નિષ્ફળ ગયું છે.

વચ્ચેના સમયમાં વૈશ્વિકરણનો વાયરો પણ વાયો. વિશ્વના દેશોમાં પરસ્પર સાધનોની મુક્ત આપ-લે થાય, નિયંત્રણો થાય અને આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં વધારો થાય. એક દેશની કાર્યક્ષમતાનો લાભ બીજા દેશને મળે. એક દેશના વધારાના સંસાધનો અન્યના ઉપયોગમાં આવે અને સાચા અર્થમાં વિશ્વ એક **''ગ્લોબલ વિલેજ''** બને, તેવા આદર્શથી WTO એ પ્રયત્ન કર્યો. આ સદીની શરૂઆતમાં આપણે તેના પરિણામો પણ જોયા. વિકસિત અને વિકાસશીલ દેશો વચ્ચે અંતર ઘટ્યું. વૈશ્વિક વેપારમાં વધારો પણ થયો. એક ખુલ્લાપણું જોવા મળ્યું. એકબીજાને લાભકારી વ્યવસ્થા તરફ વિશ્વ આગળ વધ્યું, પણ પાછળના વર્ષો રાષ્ટ્ર સમાન હિત માટે જુદા જુદા જૂથમાં વહેંચાયા. 'નાટો', 'ક્વાર્ટ', 'ઓપેક', 'બ્રિક્સ', 'G-20' વગેરે સૌ પોતાના રાજકીય આર્થિક હિત માટે જૂથોમાં વહેંચાયા. આ જૂથોમાં કલ્યાણની દૃષ્ટિ ઓછી, સ્વાર્થ વધુ છે. આમ સંકુચિતતાની પ્રક્રિયા શરૂ થઈ જે આપણે આજે પણ પરસ્પર હિત (સ્વાર્થ)ને કારણે ટકી રહી છે.

પાછળના દસકામાં રાષ્ટ્રવાદનો પવન શરૂ થયો છે. આપણે પાછળના વર્ષોમાં લોકશાહી સરકારમાં સત્તા પરિવર્તનો આવ્યા. તેમાં રાષ્ટ્રવાદના વિચારે અગત્યનો ભાગ ભજવ્યો છે, તે યુરોપના દેશો હોય, ઈંગ્લૅન્ડ હોય, યુએસએ હોય કે ભારત ''નેશન ફર્સ્ટ''નો નારો ટ્રમ્પથી માંડીને મોદી સાહેબનો છે. રાષ્ટ્રવાદ એ સહેલાઈથી ચોંટાવાતું હાથવગું હથિયાર રાજ્યના પક્ષો પાસે આવ્યું છે. આર્થિક સામાજિક સુધારાની ફિલોસોફી હવે ગૌણ બની છે અને વિશ્વ માનવનું, ટાગોરનું, વિનોબાનું અને ઉમાશંકરનું સ્વપ્ન દૂર થતું જાય છે અને વિજ્ઞાનની શોધથી વિશ્વ નાનું થયું છે પણ રાષ્ટ્રવાદને કારણે સંકુચિત અને સ્વકેન્દ્રીય બનતું જાય છે.

વિશ્વ કલ્યાણ વસુદેવ કુટુંબકમ કે સર્વે ભદ્રાણી પશ્યન્તુ સર્વે સંતુ નિરામયા આ આપણા સુવાક્યો દિવાસ્વપ્ન બન્યા છે.

સબકો સન્મતિ દે ભગવાન...

❀ ❀ ❀

સહશિક્ષણ મારે મન ધર્મ બની ગયું છે. જે કોઈ શિક્ષણસંસ્થા એકલા છોકરાઓ કે એકલી છોકરીઓને જ ભણાવે કે કેળવે, એ સંસ્થા મનુષ્યનો અને કુદરતનો દ્રોહ કરી રહી છે.

❀ ❀ ❀

ઘણાખરા શિક્ષકો પરીક્ષા પદ્ધતિના કીચડમાં મોટા થયા હોય છે. પરીક્ષાના ઝેરી નશા વિના અભ્યાસનું કામ ચાલી શકે જ નહિ એવી તેઓની દૃઢ માન્યતા હોય છે.

❀ ❀ ❀

# 'શૂરવીર' લોક-શિક્ષક

- ઈશ્વરભાઈ પરમાર

''મા, મા! માલુમામા કેમ હજુ ગાડુ લઈને ન આવ્યા? ને મને રૂપિયા આપ! અટાણે સ્ટેશને પહોચવું પડશે ને?''

અમાસી આકાશમાં તારાઓનો દરબાર ભરાયો હતો તે વેળાએ ગામડાંગામનો હોંશીલો તરુણ ભણવાને અમદાવાદ રહેવા જવા માટે જાગી ગયો. આમ તો અમદાવાદ એનું જિલ્લા-મથક, ત્યાં જવા માટે બે ગાઉનો પલ્લો કાપીને ભાવનગર-ધંધુકા લાઈનના જાવીલા રોડના સ્ટેશને પરોઢે પહોંચવાનું હતું.

- ત્યાં તો તરુણના માથા પર જાણે તોપગોળો ફેંકાયો! માએ આંખો ચોળતાં ચોળતાં ઉત્તર આપ્યો, ''ગગા, તારા કાકા (પિતા)ની મરજી તને અહીં ઘરના ધંધામાં રાખી લેવાની છે, તેથી તને જવા માટેના પૈસા મને આલ્યા નથી ને માલુમામાને ગાડા માટે રાતે કઈ પણ આવ્યા નથી!''

આકાશેથી એક તારો ખરી પડ્યો!

મૅટ્રિકમાં પાસ થયાના સમાચાર મુંબઈથી તાર દ્વારા આવી ગયા પછી પિતાજી પણ પોરસાયા તો હતા જ; પોતે કહેતા પણ ખરા કે નાનુ જો પહેલી જ ટ્રાયલે મૅટ્રિકમાં સારા ગુણ સાથે પાસ થાય તો તેને અમદાવાદની સરકારી કૉલેજમાં ભણવા મેલવો જ છે!

પણ ગામના એક અદેખા વેપારીએ એમના કાન ભંભેર્યા, ''જુઓ પભાકાકા, નાનુ છે ભારે ભારાડી; અટાણે જ તમારા કહ્યામાં નથી, તે ભણ્યા પછી રે'શે કબજામાં? આમેય તમારે ધંધાધામામાં, ખેતી, ઢોર ને વેપારવણજના કામમાં માણસની જરૂર પડે છે, તો એને એમાં પલોટી દ્યો ને? ભણ્યા પછીય શું મળશે? ઈના કરતાં આંઈ જ રાખી લ્યો!''

આ વાતમાં આવી જઈને પભામારાજે પુત્ર નાનુને અમદાવાદ ભણાવવા મોકલવાનું પડતું મેલ્યું. નાનુને પોતાના મનની આ વાત કહીને તેનો જીવ કોચવવાની પિતાની હિંમત ન ચાલી; પણ તે અમદાવાદ જઈ ન શકે તે માટે ગાડાની જોગવાઈ જ ના કરી! માલુમામાને ગાડુ લાવવાનું કહ્યું જ નહીં ને? પણ તરુણ નાનુએ મક્કમતાથી માને કહ્યું : ''મારે... ભણવા... જવું... જ... છે. અમદાવાદ.''

''પણ પૈસા ક્યાં છે?''

''મેં તને થોડા આલ્યા હતા તે આલ! અમદાવાદ પહોંચ્યા પછી બધું થઈ રહેશે. મજૂરી કરીને કમાતાં કમાતાં ભણીશ!'

માએ પુત્રની ફરી ગયેલ સિકલમાં મક્કમતાનો ઉજાસ ભાળ્યો. તે ઘરમાં ગઈ. કોઠલામાંથી ચીંથરીના છેડે બાંધેલ નાનુની કુલ મિલકત ત્રણ રૂપિયા ને છ આના છોડીને પુત્રના હાથમાં મૂકતાં કહ્યું : ''આટલી રકમમાંથી તું શું ભણી ઊતરવાનો?''

''હા, જોજે ને, અમદાવાદના સ્ટેશને સામાન ઉપાડીશ, ઘરે ઘરે છાપાં વેચીશ, પણ ભણવાનો, ભણવાનો ને ભણવાનો!''

ચડ્ડી ને બાંડિયું પહેરેલા નાનુએ ખભે થેલો લટકાવ્યો, ટ્રંકડી હાથે ઝાલી, પેલી મત્તા મુઠ્ઠીમાં

જકડીને ઘર બહાર પગ મૂક્યો ત્યારે વાઘરીવાસમાં કૂકડાઓએ પરોઢ થયાની વધામણી ખાધી. તરુણને થયું : મારા જીવનનુંય પરોઢ થયું કે શું? ગાડી આવી તો નહીં ગઈ હોય ને? ભણવાનાં સપનાં રોળાઈ તો નહીં જાય ને?

આ નવો ઉધામો લઈ બેઠેલા નાનુના નાનપણના ઉધામાથી ત્રાસીને માતાએ તેને પાંચ વરસની ઉંમરે ગામની નિશાળમાં દાખલ કરાવી દીધેલો - ખોટી જન્મતારીખ નોંધાવીને!

લીલાધર માસ્તર નિશાળિયાઓની પલટન લઈને આંગણે આવ્યા'તા, નાનુને બધાની આગળ ઊભો રાખ્યો. પિતાએ પતાસાં વહેંચ્યાં, બાળકોએ કવિતા ગાઈ :

''ઓ ઈશ્વર ભજિયે તને, મોટું છે તુજ નામ
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજો માફ!''

નિશાળે સંચરતા પુત્રના માએ ઓવારણાં લીધાં : ''બેટા, કાશીના પંડિતની હારમાં બેસે તેવું ભણજે ને ઘરનું ને ગામનું નામ ઉજાળજે.''

બાર વર્ષની વયના નાનુએ પિતાજીની સાથે રહીને ઘરના પાછળના વાડાના ભાગમાં એક લીંબડી રોપી. તે વધીને સહેજ ઊંચી થઈ ત્યારે નાનુના ગળે આ શબ્દો ગૂંજવા લાગ્યાઃ

'મારે આંગણિયે વાવી છે લીંબડી,
લીલુડી નામ મેં પાડિયું હો જી રે!'

પ્રાથમિક શાળાના આચાર્ય જનાબ હયાતભાઈ કુરેશીએ આ ગુંજનને ઊંચી આશા સાથે વખાણ્યું હતું. એ ઉંમરમાં આ હોંશીલું જોડકણું નાનુને બહુ વસી ગયું હતુંઃ

'આવો આવો આમ, બાળકો તમામ,
આપણે ઉમંગથી કરીએ ભણવાનું કામ!'

- પણ આમ તો ભણવાનું કામ ભારે અઘરું! પાંચમા ધોરણ વખતે વલીમમદ માસ્તરે કહેલી કવિતા બરાબર પાકી થઈ નહીં. ફરમાન થયું : 'ચાર પગે થઈને બરાબર પાકી કરી લાવ.'

નાનુ ચાર પગે થયો. એની પીઠ પર ચૉકનો ટુકડો મૂકાયો ને...ને... નાનુની કમાન છટકી! દફતરમાંથી સ્લેટ કાઢીને માસ્તર તરફ ફેંકી. ઘર તરફ દોટ મુકી. પિતાની ગોદમાં બેસીને કહ્યું : ''કાકા, મારે ભણવું નથી.''

''કાં!''

''મારે અંગ્રેજી ભણવા જવું છે.''

''- પણ સાત ગુજરાતી પૂરી કરી વર્નાક્યુલર ફાઈનલ પાસ કરી નાખ ને! નાનું આવડે એટલે બહુ કે'વાય! આપણો વ્યાજવટાવ ને દાણા-ઘી ને કપાસિયાનો ધંધો-''

''મારે વેપારી નથી થવું!''

''તો!''

''સા'બ થવું છે... ને તેમાંય મોટા!''

વચ્ચે માએ ટહુકો કર્યો : ''ઇ તો ફોજદાર થશે ને લોકનાં ભીંગડાં ઉતરડશે!''

''મારે ફોજદાર નથી થવું. માણસનાં ભીંગડાં ઉતરડવાનો પાપિયો ધંધો!

તેમાં હું તો પભા મા'રાજનો દીકરો...! ના...ના...''

''દીકરા, કૉલેજમાં જઈને સંસ્કૃત ભણીશ?''

''હા... આ... તો તમે મને અંગ્રેજી ભણાવશો?''

''જરૂર.''

પભા મા'રાજ વલીમમદ માસ્તરને ખખડાવી આવ્યા ને નાનુને અંગ્રેજી નિશાળમાં ભણવા માટે બોટાદ મોકલ્યો. (૧૯૩૩-'૩૫) સાથે મા પણ રાંધી-ખવડાવવા ગયાં. રહેવાનું પ્રો. રવિશંકર જોશીના ડેલામાં ગોઠવાયું. પ્રો. જોશી બોટાદમાં હોય ત્યારે ભાવનગર રાજ્યના જે કોઈ મોટા અમલદારો આવતા તે

તેમને મળવા અચૂક આવતા ને તેથી નાનુના ચિત્તમાં એક બીજ વવાઇ ગયું : નોકરી પ્રોફેસરની સારી. પ્રો. જોશી સાથે વાતો કરતાં નાનુએ જાણ્યું કે એમ.એ. સુધી ભણવાથી પ્રોફેસરની નોકરી મળે. આથી તેણે નક્કી કર્યું - એમ.એ. સુધી તો ભણવું જ!

પછી બોટાદથી લીંબડી ભણવા આવેલા નાનુને રાજ્યાશ્રિત બ્રાહ્મણ બોર્ડિંગમાં રહેવાનું થયું. અહીં થતી હસ્તલિખિત અંકની પ્રવૃત્તિમાં સહતંત્રી થવાનું આવતાં નાનુનો સર્જક જીવ સળવળવા લાગ્યો. એણે પબ્લિક લાઇબ્રેરીનું ભરચિત્ત સેવન કર્યું. બોર્ડિંગના ગૃહપતિની સરમુખત્યારશાહીએ એને સંગઠન રચીને નેતૃત્વ કરવા પ્રેર્યો. એણે હિંમતભેર ખાદી પહેરવા માંડી.

સને ૧૯૩૯, નાનુ મૅટ્રિકમાં, લીંબડીની રૈયતે રાજને લડત આપી. નાનુ તેમાં ભળ્યો. આથી અધરાતે તેને જગાડીને બોર્ડિંગ આઉટ કરવામાં આવ્યો. આથી વધુ ઉગ્ર થયેલા તેણે લડતમાં વધુ સક્રિય સહયોગ કર્યો. હવે તે સ્વયંસ્થાપિત છાત્રાલયમાં તેલના દીવે વાંચે અને જાતે રસોઈ પણ કરે. આ વાતાવરણ વચ્ચે તેણે મૅટ્રિકની પરીક્ષામાં સફળતા મેળવી.

હવે આગળ ભણવા જવા માટે અમદાવાદ જવું હતું. ગામના વેપારીએ પિતાને ભરમાવીને અવરોધ ઊભો કર્યો પણ નાનુ તો મક્કમ મન સાથે અમાસી તારલિયાઓની સાંખે ગાડાની ગરજ કર્યા વગર ચાલવા માંડ્યો : ગમે તે ભોગે ભણવું તો છે જ મારે : આ એની ધૂન.

ભણવા-ભણવવાની ધૂન ધરાવતા તે તરુણનું નામ - પુષ્કર પ્રભાશંક ત્રિવેદી. સાહિત્ય, લોકશાસ્ત્ર, શિક્ષણ અને સંસ્કાર પ્રેમીઓના હૈયે ને હોઠે રમતું એમનું નામ છે : પુષ્કર ચંદરવાકર. સને ૧૯૨૨ની ૧૬મી ફેબ્રુઆરીના રોજ સાહિત્ય-સંસ્કારથી સંપન્ન પરિવારમાં જન્મેલા પુષ્કરભાઈને પોતાનું ખોબલિયું ગામ ચંદરવા એટલું વહાલું રહ્યું છે કે તેને વિખ્યાત કરવા પોતાની ઓળખમાં એને સમાવી લીધું!

અઢારેક વર્ષની વયે પુષ્કરભાઈ કૉલેજ-કક્ષાએ ભણવા અમદાવાદ આવ્યા. ફી વગેરે માટે ઉછીની રકમ મેળવીને ગુજરાત કૉલેજમાં પ્રવેશ મેળવ્યો અને આછી-પાતળી આવક માટે પ્રૌઢોને ભણાવવાનું કામ મેળવ્યું. બન્યું એવું કે કૉંગ્રેસ હાઉસની પ્રવૃત્તિના એક ભાગરૂપે સાબરમતીના આરે રહેતા રબારી દેસાઈઓને ભણાવવાનું કામ મળ્યું. ચૌદ રૂપિયા પગાર મેળવતા એ તરુણ શિક્ષકના વિદ્યાર્થીઓ પ્રૌઢ-પાંત્રીસેક વરસના! તેઓ બધા તેને 'નેનો માસ્તર' કહીને લાડ કરતા. માહતરને રાતે દૂધ પીધા પછે જ ભણાવવાનું શરૂ કરવાનું! આ ઉપરાંતનાં ટ્યુશન્સ ખેંચીને એણે કૉલેજ-અભ્યાસ ચાલુ રાખ્યો.

કૉલેજના પહેલા વર્ષ દરમિયાન તેમની 'ધારિયો' નામની આડોડિયાની રેખાચિત્ર જેવી વાર્તા વડોદરાથી પ્રસિદ્ધ થતા સામયિક 'ગુણસુંદરી'માં પ્રકાશિત થઈ. એ જ વરસે પોતાનાં થોડાં લખાણો પ્રોફેસર (ને વિવેચક) અનંતરાય રાવળને બતાવીને કહ્યું, ''હું આ કૉલેજનો પ્રથમ વર્ષનો વિદ્યાર્થી છું. કદીક લખું છું. આપ આ લખાણ વાંચી દોરવણી આપશો?'' દસેક દિવસ પછી દોરવણી મળી : 'તમારો હાથ એકાંકી-નાટિકાઓ પર બેસશે. તે લખવાનું ચાલુ રાખો.' આગળ જતાં મહાકવિ ઉમાશંકર જોશીએ એમને લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિના ક્ષેત્રને પસંદગી આપવા સૂચવ્યું.

ઈ.સ. ૧૯૪૨ની લડત આવી. ૯મી ઑગસ્ટે સૌ વિદ્યાર્થીઓ કૉલેજના પ્રાંગણમાં ભેગા થઈને

અંગ્રેજ સરકાર વિરુદ્ધ નારા લગાવવા માંડ્યા. પોલીસો લાઠીથી સજ્જ થઈ આવી પહોંચ્યા. એક ગોરા ફોજદારે કશી જ ચેતવણી આપ્યા વિના તેની રિવૉલ્વરમાં ગોળીઓ ધડાધડ છોડી ને મોખરે ઊભા રહેલ વિનોદ કિનારીવાળા ત્યાં જ વીંધાઈને ઢળી પડ્યા. આ ઘટનાના સાક્ષી પુષ્કરભાઈએ નિર્ણય કર્યો કે આ વરસ લડત ખાતે જ આપવું. તેઓ ભોંય-ભીતરિયા લડતમાં ત્યારની ઈન્કિલાબી પત્રિકાના લેખક બન્યા. લડતમાંય સક્રિય ભાગ લીધો પણ સ્વાતંત્ર્યસેનાનીની રૂએ પેન્શન લેવાનું તેમને રુચ્યું નથી!

સાહિત્ય અને શિક્ષણની સાધના પુષ્કરભાઈના જીવનમાં સદા સમાંતર ચાલ્યા કરી છે. 'પિયરના પડોશી' નાટક માટે એમને કુમાર ચંદ્રક મળ્યો. (૧૯૪૫) તેઓ ગુજરાતી અને અંગ્રેજી વિષય સાથે બી.એ. થયા. (૧૯૪૪) તે જ વિષયો સાથે એમ.એ. થયા. (૧૯૪૬)

એમના પ્રોફેસર ઉમાશંકરભાઈ જોશીના સૂચનથી ગુજરાત વિશ્વવિદ્યાલય મંડળના પગારદાર મંત્રી થયા (૧૯૪૭) અને ગણેશ માવલંકર અને કાકાસાહેબ કાલેલકર જેવી મહાન હસ્તીઓના હાથે ઘડાવાની ધન્ય તક મળી.

આ પછીનાં બાવીસ વર્ષ (૧૯૪૭-'૬૯) ના ગાળા દરમિયાન પુષ્કરભાઈએ પાંચેક કૉલેજોમાં અધ્યાપક કે આચાર્ય તરીકે ખટમીઠા અનુભવો સાથે સેવાઓ આપી. સ્વમાની પુષ્કરભાઈને આચાર્ય કે સંચાલકો સાથે સૈદ્ધાંતિક મતભેદ શરૂ થાય કે તરત તેઓ રાજીનામું ધરી દેતા રહ્યા, આથી સ્થળફેર થયા કર્યા પણ વિદ્યાર્થીઓ સાથે હેત-પ્રેમ તો સઘળે પારાવાર.

ગમે તે કક્ષાએ શીખવવા માટે તેઓ પુષ્કળ સ્વાધ્યાય કરતા. સંસ્કૃત, ઈતિહાસ, સમાજશાસ્ત્ર કે અર્થશાસ્ત્ર જેવા અપરિચિત વિષયોનું અધ્યાપન કરવાનો પડકાર તેઓ સહજમાં ઝીલે ને નભાવી બતાવે. નૃવંશશાસ્ત્ર, ધર્મ અને વિજ્ઞાનમાં પણ તેમની ચાંચ ડૂબે. વર્ગમાં તેમનો વિષયપ્રારંભ જિજ્ઞાસા જગાડે, વિષયાંગને અખિલ સ્વરૂપે રજૂ કરે, વિશ્વસાહિત્યના વાચનમાંથી પૂરતાં દૃષ્ટાંતો આપે, સાંપ્રત ઘટનાઓને વણી લે અને આમ પોતાના વાક્-પ્રવાહમાં વિદ્યાર્થીઓને ખેંચી જાય. શુષ્ક લાગતો વિષય કે વિષયાંગ એમની વાણીમાં સરસ અનુભવાય. તાસના અંતભાગે સમાપન એવી રીતે કરે કે વિદ્યાર્થીઓ અચંબામાં ગરકાવ થઈ જાય અને જે તે વિષય અંગે વધુ વાંચવા પ્રેરાય. પ્રશ્નોત્તરીને પણ આવકારતા પ્રોફેસર પુષ્કરભાઈ સ્વાધ્યાય માટે ખૂબ આગ્રહ રાખતા. પુસ્તકાલયમાંથી કયાં પુસ્તકો વાંચવાં, કેવી રીતે મુદ્દાઓ ઝડપથી પકડી પાડવા તે અંગે માર્ગદર્શન એવી રમૂજી શૈલીથી સમજાવે કે વિદ્યાર્થીઓ પોતાને કંટાળાજનક લાગતા વિષયનાં પુસ્તકો પણ ઉલેચી નાખવા તત્પર બને! એમની જ્ઞાનગંગામાં નહાવા કૉલેજ બહારના પ્રૌઢ કર્મચારીઓ પણ ક્યારેક વર્ગમાં આવી બેસતા!

નવયુવાન વિદ્યાર્થીઓ પોતાના અંગત જીવનના કોયડા ઉકેલવા માટે એમના પર આસ્થા રાખતા. અભ્યાસ અંગે કશું ન સમજાતું હોય ત્યારે તો એમને ગમે ત્યાં ગમે ત્યારે મળી શકાય. કોઈ રવાડે ચડી ગયેલ વિદ્યાર્થીની ભાળ મળે તો તેને સાચે રસ્તે લીધે જ એમને જંપ વળે!

કૉલેજના સાંસ્કૃતિક કાર્યક્રમો માટે તેઓ લોકગીત અને લોકનૃત્યને પસંદ કરાવતા અને

તેને ન્યાય અપાવવા ખૂબ જહેમત લેતા. રાજ્યકક્ષાના પુરસ્કારનોય યશ તો તેઓ વિદ્યાર્થી કલાકારોને જ આપે. ગાંધીવિચારમંડળ, ઈંગ્લિશ સ્ટડી સર્કલ, સાહિત્યિક પ્રકલ્પો જેવી અનેક પ્રવૃત્તિઓમાં ખૂંપેલા રહેતા શિસ્તપ્રેમી અધ્યાપક પુષ્કરભાઈને થાકનું તો નામ નહીં.

નવયુવાન વિદ્યાર્થીઓ થાકની ફરિયાદ કરે તો કહેતા, ''થાક શાનો? મારી માફક ઘીની ભરેલી ચાર-પાંચ ભાખરી દબાવી જાવ. બહારનો કચરો ખાવાનું બંધ કરો. આપમેળે શક્તિ આવશે!''

પોતાની કૉલેજના વિસ્તારની હાઈસ્કૂલ્સ, સાંસ્કૃતિક મંડળ કે સમાજસેવા કરતી સમિતિઓમાં પણ તેઓ સક્રિય રહે. સાથોસાથ વિપુલ સાહિત્ય-સર્જનમાં રત રહે, અને લોકસાહિત્ય અંગેનું ક્ષેત્રકાર્ય તો જાણે એમની નોળવેલ! આવા મધમાખી જેવા ઉદ્યમી પુષ્કરભાઈએ સ્વમાન, સ્વતંત્રતા અને સાહિત્યને ખાતર અનેક વખત લડતો આપી, સત્તા છોડી અને આર્થિક લાભનું તો કદી લેખું જ ન રાખ્યું!

અધ્યાપકીય-કારકિર્દીના અંતભાગે શિક્ષણકાર શ્રી હરભાઈ ત્રિવેદીએ એમને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં લોકસાહિત્યના લેક્ચરર તરીકેની જગ્યા માટે અરજી કરવાનું સૂચવ્યું.

પુષ્કરભાઈ કહે, ''મન થતું નથી. લેક્ચરરના પદે તો...''

''તો-રીડરશિપ આપીએ.''

''હું તૈયાર છું, પણ અરજી કર્યા પછી સિન્ડિકેટના કોઈ ટોમ, ડિક ને હેરી મને પ્રશ્નો પૂછે તો તેને પ્રશ્નો પૂછવાનો મનેય અધિકાર મળવો જોઈએ!''

''જા, ભાઈ જા. અમે તે ભૂલ નહીં કરીએ. તારે યુનિવર્સિટીમાં લોકસાહિત્ય વિભાગ માટેનું કામ સ્વીકારવાનું ને સંભાળવાનું છે.''

''-એક શરતે; આઈ શેલ બી રિસ્પોન્સિબલ ઓન્લી ટુ ધ વાઈસ ચાન્સેલર. મારા વિભાગમાં અન્ય કોઈની દખલ - ગુજરાતી ભાષા-ભવનનું વડપણ નહીં ચાલે.''

અને પછી તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સાત વર્ષ (૧૯૬૯-૭૫) રહ્યા. અધ્યાપન ઉપરાંત, કુલપિતા કેળવણીકાર ડોલરભાઈ માંકડના સૂચન મુજબ પુષ્કરભાઈએ ચારણી સાહિત્યની હસ્તપ્રતો એકત્ર કરવાનું શરૂ કર્યું. આ માટે ખૂબ જહેમત લીધી અને ચારણીભાઈઓને વારંવાર સમજાવીને અનેક હસ્તપ્રતો મેળવી.

લોકસાહિત્ય અને લોકશાસ્ત્રના ક્ષેત્રમાં પીએચ.ડી. કક્ષાએ અભ્યાસ - સંશોધન કરી ચૂકેલા એમના નવેય વિદ્યાર્થીઓના માર્ગદર્શક તરીકે તેઓ એટલો પરિશ્રમ વહોરતા કે જે તે વિદ્યાર્થીને તેઓ પોતાના મુરબ્બી, મિત્ર અને ફિલસૂફ શા અનુભવાતા. વિદ્યાર્થીના સંશોધનક્ષેત્રમાં પોતે જાય, માહિતી-ચયનની પ્રયુક્તિઓ સમજાવે, ને જોખમ પણ વહોરે!

એક વખત દ્વારકાથી થોડે દૂરના ગોરીંજા ગામે પોતાના પીએચ.ડી.ના વિદ્યાર્થી પ્રા. પ્રહલાદભાઈ પટેલની સંગાથે વાઘેર કોમ અંગે જાણકારી મેળવવા ગયા. તે સમયે દીપડા ને સુવરડાંનો ભય રહેતો. એ કાળી ચૌદશની અંધારી રાતે સાથી વીરોભા સાથે તેઓ ચાલ્યા જતા હતા ત્યાં ફૂં...ફૂં...ફૂં... અવાજ આવ્યો. સાથીએ મોટો પથ્થર લઈને જમીન પર ઝીંક્યો. બૅટરીના પ્રકાશમાં જોયું તો આખા દેહને પથ્થર પર વીંટીને પૂરા આઠ હાથ લાંબો, ઝેરનો કૂંપા જેવો નાગ તરફડી રહ્યો હતો!... દિવાળીના દિવસોમાં

ક્ષેત્રકાર્ય કરીને દ્વારકામાં સતત થાકથી પોઢેલા પુષ્કરભાઈનું ગોદડું ફટાકડાના કારણે સળગ્યું તેની ખબર તેમને પગે તાપ લાગ્યો ત્યારે પડી!

યુનિવર્સિટીમાં હતા તે દરમિયાન પુષ્કરભાઈ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટીચર્સ એસોસિયેશનના પ્રમુખપદે રહ્યા. (૧૯૭૦-૭૪) લોકલ હિસ્ટરી રિસર્ચ કમિટીમાં સક્રિય રહ્યા. (૧૯૬૯-૭૦) વિવિધ પાંચ રિસર્ચ-પ્રોજેક્ટ્સ પાર પાડ્યા. સાહિત્ય-સર્જન તો અસ્ખલિત!

લોકશાસ્ત્રજ્ઞ તરીકે દેશ-વિદેશમાં માન-અકરામ મેળવનાર પુષ્કરભાઈએ આંતરરાષ્ટ્રીય પરિષદોમાં વિભાગીય અધ્યક્ષપદ પણ શોભાવ્યું. અંગ્રેજી, હિંદી અને ગુજરાતીમાં લોકસાહિત્ય કે શાસ્ત્ર સંબંધિત એકસોથી વધુ સંશોધનપત્રો (રિસર્ચ પેપર્સ) પ્રકાશિત થયાં. દસેક જેટલા વિદેશી તજજ્ઞો સાથે રહીને કાર્ય કરવાની યોગ્યતા સિદ્ધ કરી. તુલસી વિદ્યાપીઠે એમને 'વિદ્યાવારિધિ' એવોર્ડથી નવાજ્યા. (૧૯૭૫); વડોદરામાં સંસ્કાર-ચંદ્રક એનાયત થયો. (૧૯૭૭) છેલ્લે માતૃદેવી ફોકલોર રિસર્ચ ઍવોર્ડને તેઓ પાત્ર ગણાયા. (૧૯૯૩) ભારતના કોઈ પણ રાજ્યમાં ગુજરાતના લોકશાસ્ત્ર અંગે વિચારણા કરવાની હોય ત્યારે પુષ્કરભાઈની ઉપસ્થિતિ અનિવાર્ય મનાય.

પુષ્કરભાઈએ ગુજરાતી લોકસાહિત્યને પરદેશમાં પણ ગૌરવ અપાવ્યું છે. અમેરિકાના મૂર્ધન્ય લોકશાસ્ત્રજ્ઞ ડૉ. ડોરસનના કહેવાથી 'ધ ફોકટેલ્સ ઑફ ઈન્ડિયા' નામના ગ્રંથ માટે સૌથી વધુ પ્રાદેશિક લોકવાર્તાઓ પુષ્કરભાઈએ અંગ્રેજીમાં લખી આપી.

સાહિત્યકાર પુષ્કર ચંદરવાકરની એકવીસ જેટલી પ્રકાશિત નવલકથાઓ સવિશેષ ગ્રામવિસ્તારના રાંક હૈયાનાં ને છતાં રાંકનાં રતન જેવા, બાવડાંના બળે ઝૂઝતા, ભૂખ્યા-દુઃખ્યા લોકની ભવની કમાણીનું વિવિધ ભાવયુક્ત ચલચિત્ર જેવું સચોટ દર્શન કરાવે છે. એમના છ વાર્તાસંગ્રહો, સાત લોકવાર્તાસંગ્રહો પણ ગુજરાતી સાહિત્યની મૂડી સમાન છે.

પોતાના વિષય માટે જબરું મમત્વ ધરાવતા પુષ્કરભાઈ હસ્તકનો લોકશાસ્ત્ર વિભાગ સમયાંતરે યુનિવર્સિટીએ ગુજરાતી ભાષા-ભવનમાં સમાવ્યો. પુષ્કરભાઈના મતે લોકસાહિત્યનું સંશોધન એ શુદ્ધ સમાજશાસ્ત્રીય પ્રાવીણ્ય છે. પોતાના પ્રિયતમ વિષયના ગૌરવની હાનિ એમને એટલી તો પીડાદાયક થઈ પડી કે તેઓ પોતાની કારકિર્દી અને કમાણીની ચિંતા કર્યા વગર યુનિવર્સિટીનાં પગથિયાં ઊતરી ગયા અને પોતાની જનમભોમકા ચંદરવા ગામની ગોદમાં બેસી ગયા.

શિક્ષકને શિક્ષણ આપ્યા વિના કેમ ચાલે? શિક્ષણ, સંશોધન અને સાહિત્યની પ્રવૃત્તિઓનું સાતત્ય જાળવ્યા વિના કેમ ચાલે? ગુજરાત યુનિવર્સિટી, ગૂજરાત વિદ્યાપીઠ, ભાવનગર યુનિવર્સિટી અને જોધપુર યુનિવર્સિટીના પીએચ.ડી. કક્ષા માટેનો માન્ય પરીક્ષક શ્રી પુષ્કરભાઈએ ચંદરવામાં 'લોકાયતન' નામની સંસ્થા સ્થાપી. પોતે જ તેના નિયામક. અંગત બચતના ટેકે ફિલ્ડ વર્ક કરીને સંશોધનની જ્યોત જાળવવા મથી રહ્યા હતા. કૅનેડા, અમેરિકા, ફિનલૅન્ડ, જર્મની, ઈંગ્લૅન્ડ વગેરે વિદેશોમાંથી ગોરા વિદ્વાનો ચંદરવા આવી પહોંચીને આ લોકશાસ્ત્રજ્ઞ શિક્ષકના જ્ઞાનથી લાભાન્વિત થાય છે. પુષ્કરભાઈના પ્રદાન અંગે અંગ્રેજી ઉપરાંત

જર્મન ભાષામાં પણ લખાયું છે. એમનું અંગત પુસ્તકાલય કેટલાય દુર્લભ ને અમૂલ્ય ગ્રંથરત્નોથી સમૃદ્ધ છે. તેનો લાભ લેવા પણ સંશોધકો ચંદરવા જઈ પહોંચે છે.

આ આંતરરાષ્ટ્રીય માન્યતાપ્રાપ્ત શિક્ષકને પોતાના ગામમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના સામાન્ય જ્ઞાનના વર્ગો લેવામાં કશો છોછ નહીં! આ પ્રવૃત્તિમાંય ખટપટ નડી ત્યારે પોતાના ઘરના લીંબડા નીચે માટીનો ઓટો બનાવીને શરૂ કરી દીધી વૃક્ષશાળા! તેને છાંયે બારમા ધોરણથી માંડીને બી.કોમ. લગીના જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ અંગ્રેજી પણ શીખે ને લત્તાનાં બાળકોને ગાળો બોલતાં ને જુવાનોને જુગાર ખેલતાય રોકતા પુષ્કરભાઈ દારૂની લત છોડાવવા કોઈ પતિતને પ્રતિજ્ઞાય લેવડાવે!

આ લોકશિક્ષક પર એમના જ ગામમાંના સ્થાપિત હિતવાળા લોકોની ચડામણીથી ચાર ચાર વાર જીવલેણ હુમલાઓ થયા. તેમના ઘર આગળના માતાજીના ચોકમાં ત્રણસો જેટલા માણસોનું ટોળું ધસી આવ્યું. આ હુલ્લડ વખતે લુંગીભેર ઊભેલા શૂરવીર પુષ્કરભાઈ શાંતિથી હુમલાખોરોને સમજાવતા એકલા ઊભા હતા!

આ પ્રસંગની વાત નીકળતાં બોંતેર વર્ષના શૂરા શિક્ષક પુષ્કરભાઈ કહે : ''જુવાનીમાં સૉક્રેટિસનું એક સૂત્ર નિત્ય સ્મરણે રહ્યા કરે છે : 'લિવ ડેન્જરસલી!' - ને તે સૂત્ર પર જીવનને વહાવું છું. નિર્માલ્યપણે જીવવું તેના કરતાં બહેતર મૃત્યુને માનું. આ ઉંમરે પણ જુસ્સો તૂટતો નથી!''

''પુષ્કરભાઈ, શિક્ષકમિત્રોને આપનો શો સંદેશ?''

''પૂજીપતિ માનસ શિક્ષકે હરગિજ ન કેળવવું જોઈએ. સાચો શિક્ષક ટ્યૂશનમાં ન પડે, તે કાયમ અભ્યાસશીલ રહે... વિદ્યાર્થીઓ માટે પ્રેમને મમતા કેળવીએ તો તે વટવૃક્ષ બનીને ક્યારે કેવાં ફળ આપશે તે કશું જ કલ્પી શકાતું નથી.''

''સવિશેષ ગુજરાતને શું કહેવાનું મન થાય છે?''

''મારા અક્કડ અને તુમાખીભર્યા સ્વભાવને ગુજરાતે બરદાસ્ત કર્યો છે, ત્યારે ભીંજાયો છું તવ ઝરામાં હું રાતદિન, હે ગુર્જરી છૈયાંઓ! ઘણાંને હું આકરો, અવ્યવહારુ અને અનુલ્લંઘનીય ભાસ્યો છું. ગુજરાતે ને ભારતે તેના ઉદાર - હૃદયપ્રેમે મને ભીંજવ્યો છે. આજે હું મારા નાનકડે ગામડે બેઠો છું. ત્યારેય તે હૃદયનાં અમીરસઝરણાં મારાં ભણી ખળખળી રહ્યાં છે, તે જ છે આ રાંક ને અદના આદમીની વિરલ મહામૂડી! ગુજરાત ને ભારત ઉદાર-ભાવે તે મારી ભણી વહાવ્યે રાખે, તે જ સૌને અભ્યર્થના, હસ્તાંજલિબદ્ધ બની, નતમસ્તકે! બાકી હું આરાધીશ છેલ્લા શ્વાસ લગણ શબ્દ અને શિક્ષક જે મારા પ્રાણાધાર બન્યા છે. આ નજરાણું છે મારા શબ્દનું-સૌ ચાહક ગુજરાતીઓને!''

વિદાય વખતના સંબોધનને અલવિદા કહેવાય છે; 'લિવ ડેન્જરસલી' સૂત્રના આશક એ શૂરવીર શિક્ષકે તા. ૧૬-૮-'૯૫ના મોત સામે ઝઝૂમતા ઝઝૂમતાં છેલ્લી સલામ - અલવિદા - કરીને ગુજરાતનું સાહિત્ય અને શિક્ષણજગત શોકમાં થયું ગરકાવ!

આઘેની કો સીમ મહીંથી

રૂપલ ટહૂકો ભીનો

ગયો વેરી આ સીમભરી

સમણાનો સોનલ હિનો!

- સ્નેહરશ્મિ

# નીતિવાળું કામ તે શું?

- મો.ક.ગાંધી

અમુક કામ નીતિવાળું છે એમ કહી શકાય? આ સવાલ કરવામાં નીતિવાળા અને અનીતિવાળા કામનો મુકાબલો કરવાનો હેતુ નથી. પણ ઘણાં કાર્યો કે જેની સામે કંઈ કહેવામાં આવતું નથી અને જે કેટલાક નીતિવાન ગણે છે તે વિશે વિચાર કરવા જેવું છે. આપણા ઘણા કામમાં ખસૂસ નીતિનો સમાવેશ થતો નથી. ઘણેખરે ભાગે આપણે સાધારણ રીતરિવાજ મુજબ વર્તીએ છીએ. આ રૂઢિ પ્રમાણે ચાલવું એ બહુ વેળા જરૂરનું છે. તેવા નિયમો જાળવીએ નહીં તો અંધાધૂંધી ચાલે અને દુનિયાનો કારભાર બંધ થાય. પણ એમ રૂઢિ મુજબ ચાલવું તેને નીતિનું નામ આપવું એ મુનાસીબ નહીં ગણાય.

નીતિવાળું કામ તે આપણું પોતાનું એટલે આપણી ઈચ્છાએ થયેલું હોવું જોઈએ. જ્યાં સુધી આપણે સંચાના ભાગની માફક કામ કરીએ ત્યાં સુધી આપણા કામમાં નીતિ આવતી નથી. સંચાના ભાગ તરીકે આપણે કામ કરવું ઘટે અને કરીએ તે વિચાર નીતિમાન છે. કેમ કે તેમાં આપણી વિવેકબુદ્ધિ આપણે વાપરીએ છીએ. આ સંચાઈ કામ અને તે કામ કરવાનો વિચાર કરવાપણું એ બેમાં ભેદ છે તે ધ્યાનમાં રાખવા જેવો છે. રાજા કોઈનો અપરાધ માફ કરે તે કામ નીતિવાળું હોઈ શકે. પણ માફીની ચિઠ્ઠી લઈ જનાર પટાવાળો રાજાએ કરેલી નીતિમાં ભાગ સંચાઈ છે. પણ પટાવાળો ચિઠ્ઠી લઈ જવી એ પોતાની ફરજ છે એમ જાણીને ચિઠ્ઠી લઈ જાય તે કામ નીતિવાળું હોઈ શકે છે. જે માણસ પોતાની બુદ્ધિ અને મગજ વાપરતો નથી અને પૂરમાં જેમ લાકડું તણાયા કરે તેમ તણાયો જાય તે માણસ નીતિ કેમ સમજે? કેટલીક વખત રૂઢિની વિરુદ્ધ થઈ પરમાર્થ કરવાના ઈરાદાથી માણસ કર્મ કરે છે; તેવો મહાવીર વેન્ડલ ફિલિપ્સ[૧] હતો. તેણે લોકોની પાસે ભાષણ કરતાં એક વેળા કહ્યું, ‘‘જ્યાં સુધી તમે તમારા પોતાના વિચાર કરતાં અને જણાવતાં નહીં શીખો ત્યાં સુધી મારે વિશે તમે શું ધારો છો તેની મને ચિંતા નથી.’’ આમ આપણને બધાને આપણું અંતર શું કહે છે તેની જ દરકાર રહે ત્યારે આપણે નીતિને પગથિયે પહોંચ્યા ગણાઈએ. આ સ્થિતિ સર્વનો અંતર્યામી ઈશ્વર આપણાં બધાં કાર્યનો સાક્ષી છે એમ આપણે માનીએ નહીં અને અનુભવીએ નહીં ત્યાં સુધી આપણને મળનારી નથી.

આ પ્રમાણે કરેલું કામ પોતે સારું છે, એટલું બસ નથી. પણ તે કામ આપણે સારું કરવાના ઈરાદાથી કરેલું હોવું જોઈએ. એટલે કે અમુક કામમાં નીતિ છે કે નહીં તેનો આધાર

૧. (૧૮૧૧-૮૪); અમેરિકાના પ્રસિદ્ધ વક્તા, સમાજસુધારક અને નિગ્રોની ગુલામી નાબૂદીના હિમાયતી.

કરનારના ઇરાદા ઉપર છે. બે માણસે તે જ કામ કર્યું હોય છતાં એકે કરેલું નીતિવાન ગણાય અને બીજાએ કરેલું નીતિ રહિત હોઈ શકે. જેમ કે એક માણસ બહુ દયા લાવી ગરીબોને ખોરાક આપે છે. બીજો માન મેળવવાના ઇરાદાથી કે તેવા સ્વાર્થી વિચારથી તે જ કામ કરે છે. બંને કામ એક જ છે. છતાં પહેલાએ કરેલું નીતિવાન ગણાય અને બીજાએ કરેલું નીતિ રહિત છે. આ ઠેકાણે વાંચનારે નીતિ રહિત અને અનીતિવાન એ બે શબ્દો વચ્ચે ભેદ છે તે યાદ રાખવાનું છે. એવું પણ બને છે કે નીતિવાળા કામની અસર સારી થયેલી હંમેશાં જોઈ શકાતી નથી. આપણે નીતિ વિશે વિચાર કરતાં એટલું જ જોવાનું છે કે કરેલું કામ તે શુભ છે અને શુદ્ધ ઇરાદાથી તે થયું છે. તેના પરિણામ ઉપર આપણો અંકુશ નથી. ફળદાતા તે એક જ ઈશ્વર છે. શહેનશાહ ઍલેક્ઝાંડરને ઇતિહાસકર્તાઓએ મહાન ગણ્યો છે. તે જ્યાં જ્યાં ગયો ત્યાં ગ્રીક કેળવણી, હુન્નર, રિવાજો વગેરે તેણે દાખલ કર્યાં અને તેનું ફળ આપણે આજે સ્વાદથી ચાખીએ છીએ. પણ એ બધું કરવામાં ઍલેક્ઝાંડરનો હેતુ મોટાઈ મેળવવાનો ને જીત કરવાનો હતો. એટલે તેના કામમાં નીતિ હતી એમ કોણ કહી શકશે? તે ભલે મોટો કહેવાયો, પણ તેને નીતિવાન નહીં કહી શકાય.

ઉપરના વિચારોથી સિદ્ધ થાય છે કે નીતિવાળું હરેક કામ શુભ ઇરાદાથી થવું જોઈએ એટલું જ બસ નથી, પણ તે વગર દબાણથી થવું જોઈએ. હું મારી ઑફિસે મોડો પહોંચું તો મારી નોકરી ખોઈ બેસું એ ધાસ્તીથી વહેલો ઊઠું તેમાં કશીયે નીતિ રહેલી નથી. તેમ જ હું મારી પાસે દોલત નહીં હોવાથી ગરીબાઈમાં અને સાદાઈમાં રહું તેમાં નીતિ નથી આવતી. પણ હું ધનવાન છતાં વિચારું કે મારી આસપાસ દરિદ્ર ને દુઃખ જોઉં છું એવે સમયે મારાથી એશઆરામ કેમ ભોગવી શકાય? મારે ગરીબાઈ તથા સાદાઈમાં રહેવું જ જોઈએ. આમ થયેલી સાદાઈ તે નીતિવાન ગણાય, તેમ જ નોકરો ભાગી જવાની ધાસ્તીથી તેઓની તરફ દિલસોજી બતાવવી અથવા તેઓને સારો કે વધારે પગાર આપવો તેમાં નીતિ નથી રહેલી, પણ માત્ર સ્વાર્થબુદ્ધિ છે. હું તેઓનું ભલું ઇચ્છું અને મારી આબાદીમાં તેઓનો ભાગ છે એમ સમજી તેઓને સારી રીતે રાખું તેમાં નીતિ હોઈ શકે. એટલે કે નીતિથી થયેલું કામ વગર જોરાવરી અને વગર ભયવાળું હોવું જોઈએ. ઇંગ્લૅન્ડના રાજા બીજા રિચર્ડે જ્યારે તેની પાસે આંખો લાલ કરી ખેડૂતો જોરાવરીએ કેટલાક હકો માગવા આવ્યા ત્યારે પોતાના હાથ દસ્તકથી હકપત્રો લખી આપ્યા. જ્યારે ખેડૂતોનો ભય દૂર થયો ત્યારે તે પત્રો જોરજુલમથી પાછા ખેંચી લીધા. આ કામમાં કોઈ એમ કહે કે રિચર્ડે કરેલું પહેલું કામ તે નીતિવાળું હતું અને બીજું અનીતિવાળું હતું તો તે ભૂલ છે. રિચર્ડનું પહેલું કામ માત્ર ભયથી જ થયેલું એટલે તેમાં નીતિનો જરાય અંશ નહોતો.

જેમ નીતિવાળા કામમાં ભય કે જોરાવરી ન હોવાં જોઈએ તેમ તેમાં સ્વાર્થ પણ ન હોવો જોઈએ. આમ કહેવાનો હેતુ એવો નથી કે જે

કામોમાં સ્વાર્થ રહેલો છે તે નકામાં છે. પણ તેવા કામને નીતિવાન છે એવી ઉપમા આપવી તે નીતિને ઝાંખ પહોંચાડવા જેવું છે. પ્રમાણિકપણું તે સારી 'પૉલિસી' છે એમ સમજીને થયેલું પ્રામાણિકપણું લાંબો વખત નભી શકતું નથી. શેક્સપિયર કહે છે કે ''જે પ્રીતિ લાભ મળવાની નજરે થયેલી છે તે પ્રીતિ નથી.''

જેમ આ દુનિયામાં લાભ મળવાના હેતુથી કરેલું કામ નીતિવાળું નહીં ગણાય તેમ પરદુનિયામાં લાભ મળશે એવી આશાએ થયેલું કામ પણ નીતિ રહિત છે. સારું કરવું ને સારાને જ ખાતર એમ સમજીને થયેલ કામ નીતિમાન ગણાય. મહાન ઝેવિયર થઈ ગયો તેણે એવી ઈબાદત કરેલી કે ''તેને સદાય સ્વચ્છ મન રહે.'' તેને મન ઈશ્વરભક્તિ તે મરણ પછી ભારે દશા ભોગવવાને ખાતર નહીં હતી પણ તેવી ભક્તિ તે માણસનું કર્તવ્ય છે તેથી તે કરતો. મહાન ભક્તાણી થેરીસા પોતાના જમણા હાથમાં મશાલ રાખવાને અને ડાબા હાથમાં પાણીનો ટોપ રાખવા ઇચ્છતી તે એમ જણાવવા કે મશાલ વડે સ્વર્ગનું સુખ પોતે બાળી નાખે અને પાણી વડે દોજખનો તાપ ઓલવી નાખે જેથી માણસજાત દોજખના ભય વિના અને સ્વર્ગના સુખની લાલચ વિના ખુદાની ઈબાદત કરે. એમ નીતિ સાચવવી તે મરણિયાનું કામ છે. મિત્રોની સાથે સત્ય જાળવવું અને દુશ્મનોને દગો દેવો તે બાયલાપણું છે. ડરી ડરીને સારું કરનારા નીતિ રહિત જ ગણાય. હેન્રી ક્લે દયાળુ અને માયાળુ ગણાતો. તેણે પોતાની નીતિનો ભોગ પોતાના લોભને આપ્યો. ડેનિયલ વેબ્સ્ટર[૧] એ નર બહાદુર હતો. તેના વિચારો ગંભીર હતા પણ પૈસાને સારુ એક વેળા તે નમાલો થઈ બેઠો હતો. એક નીચ કામથી પોતાના બીજાં સારાં કામ તેણે ધોઈ નાખ્યાં. આ ઉપરથી આપણે જોઈએ છીએ કે માણસની નીતિની પરીક્ષા કરવી તે કઠણ છે. કેમ કે તેનું મન આપણે પારખી શકતા નથી. તેમ જ નીતિવાળું કામ શું એ સવાલ આ પ્રકરણની શરૂઆતમાં કર્યો તેનો જવાબ પણ આપણને મળી ચૂક્યો છે. તે નીતિ કેવા માણસો જાળવી શકશે એ પણ આપણે અનાયાસે જોઈ લીધું.

(નીતિધર્મ અને ધર્મનીતિ પુસ્તકમાંથી)

❀ ❀ ❀

બુદ્ધિના શિક્ષણ માટે શાળાઓમાં ઘણા મોટા પ્રમાણમાં નાણાં ખરચાતાં હોય છે. શરીરના શિક્ષણ માટે એવી કોઈ કાળજી લેવામાં આવતી હોય તેવી શાળાઓ બહુધા જોવા મળતી નથી.

❀ ❀ ❀

સાચા શિક્ષકને વ્યક્તિત્વ પેદા કરવા જવું પડતું નથી. શિક્ષકનું જ્ઞાન એ તેની શક્તિ છે. શિક્ષકનો પ્રેમ એ તેની પ્રતિભા છે.

❀ ❀ ❀

---

૧.ડેનિયલ વેબ્સ્ટર (૧૭૮૨-૧૮૫૨); અમેરિકાના રાજપુરુષ અને વકીલ. એમના ચરિત્રકારો કહે છે કે ''તેઓ અંગત રીતે કદાપિ અપ્રામાણિક ન હતા.'' एन्साईक्लोपीडिया ब्रिटानिका.

# ગાંધીજીના ચમત્કારનું રહસ્ય

- ગુણવંત શાહ

ગાંધીજી કોણ હતા તેની ખબર સૌને હોય, પરંતુ ગાંધીજી 'શું' હતા તેની ખબર બહુ ઓછા લોકોને હોય છે. મહાવીર ત્યાગીએ નોંધેલો એક પ્રસંગ ત્રણ વાર વાંચવાથી ગાંધીજી શું હતા તેનો અંદાજ આવી જાય એમ બને. પ્રથમ વાર એ પ્રસંગ વાંચવાથી ગાંધીજી પ્રત્યેનો આદાર વધી જશે. બીજી વાર એ જ પ્રસંગ વાંચવાથી મૂર્તિમંત સત્યના પ્રતીક ગાંધીજીને મનોમન વંદન થઈ જશે. ત્રીજી વાર એ જ પ્રસંગ વાંચ્યા પછી સાક્ષાત્ સત્યનારાયણના દર્શન થઈ રહ્યાં હોય એવો પવિત્ર ભ્રમ તમારા માંહ્યલાને સુગંધથી ભરી દે એ શક્ય છે. તો હવે મૌનપૂર્વક પાંચ ઊંડા શ્વાસ લીધા પછી મહાવીર ત્યાગીના જ શબ્દોમાં આ પાવન પ્રસંગ સાંભળો :

સ્વરાજ મળ્યું તેના થોડાક જ મહિનાઓ પહેલાં એક વાર ગાંધીજી વિશ્રામ કરવા માટે દેહરાદૂન-મસૂરી આવ્યા હતા. એમની તબિયત થોડીક લથડી હતી. હું એ દિવસોમાં ઉત્તરપ્રદેશ વિધાનસભાનો સદસ્ય હતો. આ વાતની ખબર પડી કે તરત ૧૫-૨૦ સ્વયંસેવકોને લઈને ગયો અને બિરલાભવનની નજીકના એક મકાનમાં રહેવાની ગોઠવણ થઈ ગઈ પાસેની સસ્તી હોટલમાં ખાવાની વ્યવસ્થા થઈ ગઈ. મારી સાથે જે સ્વયંસેવકો સામેલ થયા તેઓ પોતાને ધન્ય માનતા હતા.

મને છેક શરૂઆતથી સ્વયંસેવકોની વચ્ચે સૂવાનો અને બેસવાનો શોખ હતો. તે દિવસોમાં સિગારેટ પીવાના પૈસા તો હતા નહીં, તેથી બીડીથી ચલાવી લેવાનું રાખ્યું હતું. માત્ર બે જ વ્યસન હતાં, એક બાપુનું અને બીજું બીડીનું! ક્યારેય બે વ્યસન એકસાથે ન થઈ શકે. બાપુને જોતાંની સાથે જ બીડી એવી રીતે બુઝાવી દેતો કે એમને શક ન પડે. એમનાથી છાનામાના બીડી પીતો તોય એને બુઝાવતી વખતે ભાવના અને ભક્તિ એટલી તો અગાધ તથા પવિત્ર હતી, જેવી દાન કે બલિદાન આપતી વખતે હોય.

દરરોજ સાંજે પ્રાર્થના થતી. પહેલાં તો હૅપી વેલીના મેદાનમાં થતી, પરંતુ લોકોએ માગણી કરી કે શહેરની મધ્યમાં થવી જોઈએ. મેં એ માટે અનુમતિ માગી અને બાપુએ સ્વીકારી લીધી પછી સિલ્વરસ્ટન હોટલના મેદાનમાં પ્રાર્થના થવા લાગી. બાપુનું ધ્યાન રામમાં અને અમારું ધ્યાન બાપુમાં! લોકોની ભીડની ચારે બાજુ મારા સ્વયંસેવક મિત્રો ગણવેશ પહેરીને કૂંડાનાં ફૂલોની માફક ગોઠવાઈ જતાં. એક મિત્રને મારી અદેખાઈ આવતી, કારણ કે હું ગાંધીજીએ ચડાવી મારેલો એવો અપરિચિત ભગત હતો. એણે ગાંધીજીની કાનભંભેરણી કરી અને ફરિયાદ કરી કે : સ્વયંસેવકો મસૂરીના હમાલોને પ્રાર્થનામાં આવતા રોકે છે, કારણ કે તેમનાં વસ્ત્ર મેલાં હોય છે. ગાંધીજીએ તો

(અનુસંધાન પૃષ્ઠ ૨૪ ઉપર)

# સાર્થક કાર્ય, સાર્થક જીવન

- મનસુખ સલ્લા

'કેળવણીની કેડીએ' સ્મરણોનો ગ્રંથ છે. જે વિદ્યાર્થીઓ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાના છાત્રાલયમાં રહી ભણ્યાં. તેમણે જે અનુભવ્યું. ત્રણ-ચાર દાયકા પછી પણ તેમનાં હૃદયમાં જે લીલુંછમ રહ્યું. જેની ભાગ્યે જ નોંધ લેવાય એવી નગણ્ય ઘટનામાં ગૃહમાતા અને ગૃહપતિએ સમજણપૂર્વક માર્ગદર્શન આપ્યું અને ખબર ન પડે એમ જીવનરાહ બદલાઈ ગયો. જે નાનાનાની ઘટનાઓમાં તેમની કાળજી લેવાઈ અને તેમના વિકાસ માટે જેમણે અતંદ્રપણે હૂંફ આપી, દિશા ચીંધી, હામ આપી એ સઘળું વિદ્યાર્થીઓનાં હૈયામાં કેવા સ્વરૂપમાં આલેખિત થયું છે તેમનાં સંવેદનોનું આ સંકલન છે. આલેખન કરનાર સૌને ભલે લખતાં નથી ફાવ્યું, ભાષાની મર્યાદા રહી છે, પરંતુ તેમના ભાવમાં સ્ફટિક જેવી સચ્ચાઈ છે. આવા ગ્રંથ માટે સ્મરણો લખનારને ખબર નથી હોતી કે બીજાઓએ શું લખ્યું હશે, એટલે ગુણસમૃદ્ધિ વર્ણવવામાં પુનરાવર્તન થવું સહજ છે. પરંતુ નાની સરખી ઘટનામાં આત્મીયતા અને આદરનો અનુભવ થાય છે.

ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થાથી 'બોર્ડિંગ હાઉસ'નો નવો અવતાર થયો. (૧૯૧૦) છાત્રાલયો ચારિત્ર અને સંસ્કાર ઘડતરનાં કેન્દ્રો બન્યાં. એના સંચાલન અને સંબંધને શૈક્ષણિક સુષમા મળી. જે વ્યવસ્થાકેન્દ્ર હતું એ કેળવણી કેન્દ્ર બન્યું. એનો જ વિકાસ અને વિસ્તાર ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને લોકભારતી અને પછી ગુજરાતભરની નઈતાલીમની શાળાનાં છાત્રાલયો સુધી અનેક સ્વરૂપે સ્થિર થયો. એના પાયામાં ભાવનગરમાં જેમ નાનાભાઈ ભટ્ટ, મૂળશંકરભાઈ ભટ્ટ અને બીજા ગૃહપતિઓ છે, તેમ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં અનિલભાઈ ભટ્ટ, લાલજીભાઈ નાકરાણી, રઘુભાઈ પટેલ, અરુણાબહેન પટેલ, એન. પંડ્યા, ભીખાભાઈ પટેલ અને બીજાઓ છે. એના સંચાલકો પણ વધુ તો ગૃહપતિઓ છે. આજે છાત્રાલયો વિનિપાતની ધાર સુધી પહોંચી ગયાં છે, ત્યારે વિદ્યાર્થીઓના ચારિત્રનો અમૃતકુંભ શાનાથી પાકે છે તેનાં દૃષ્ટાંતો આ ગ્રંથના પાને પાને આલેખાયાં છે.

'કેળવણીની કેડીએ' ગ્રંથના કેન્દ્રમાં અરુણાબહેન રહે તેવું આયોજકોએ પ્રારંભે વિચારેલું હશે. પરંતુ અરુણાબહેન અને રઘુભાઈનું નામ લગભગ સાથે જ બોલાય છે. બંને એવાં અભિન્ન અને એકરૂપ છે. કહો કે તેઓ માત્ર પરસ્પર પૂરક જ નથી. પરસ્પરના વિકાસ માટે પ્રતિસ્પર્ધા કરતાં હોય તેવાં છે. અને તેમનું એ કેવું મહાભાગ્ય કે તેમને ગ્રામદક્ષિણામૂર્તિ આંબલમાં પાંચ દાયકા એક જ જગ્યાએ કામ કરવાની ઉમદા તક મળી. વિદ્યાર્થીઓમાં તેમ જ સાથીદારોમાં તેઓ કાયમ સ્વીકાર્ય અને સ્નેહપાત્ર રહ્યાં. તેમને જેટલો પ્રેમ વિદ્યાર્થીઓ તરફથી મળ્યો એટલો જ પ્રેમ

અને સાથ સહકાર્યકરો અને વડીલો તરફથી પણ મળ્યો. તેમના વ્યક્તિત્વના વિકાસના પાયામાં અરુણાબહેને દર્શાવ્યું છે તેમ તેઓ કાયમ વિદ્યાર્થી રહ્યાં તે છે. સાચો શિક્ષક મરણ પર્યંત શીખતો રહેતો હોય છે એ તેમણે સાચું પાડ્યું છે. દક્ષિણમૂર્તિથી કંડારાયેલી કેડીને તેમણે વધુ શોભાભરી, વધુ આત્મીય અને વધુ ગૌરવશાળી કરી છે. છાત્રાલય હોય અને પ્રશ્નો ન હોય તેવું તો દંભ અને જાતછેતરામણી હોય ત્યાં જ શક્ય છે. અરુણાબહેન - રઘુભાઈએ પ્રશ્નો વખતે હલી ગયા વગર ઉપાયો શોધ્યા છે, સફળતાના ટૂંકા રસ્તા લીધા વગર, પક્ષપાત કે ઉપેક્ષાના માર્ગો લીધા વગર સાચા શિક્ષકને શોભે એવા ઉપાયો કારગત બનાવ્યા છે. એટલે તેમણે કડવા નિર્ણયો લેવા પાડ્યા છે, પરંતુ વિદ્યાર્થીઓને તેમના માધુર્યનો જ અનુભવ થયો છે.

તેઓ સરેરાશ ન થયાં, ન રહ્યાં તેના મૂળમાં સમૃદ્ધ વારસો પણ ખરો. અરુણાબહેનના પિતા વેલજીભાઈ સ્વાતંત્ર્યસેનાની હતા, ભાંગ્યાના ભેરુ થવાની હોંશવાળા હતા. જુગતરામકાકાના જમણા હાથ જેવા હતા. નારાયણ દેસાઈની ગ્રામશાળાએ વેડછીમાં અરુણાબહેનના ખરા બંધારને પોષણ આપ્યું : નિર્ભયતા, સાચ માટે આગ્રહ, મૂલ્યપ્રીતિ, વ્યાપક હિત માટે સ્વહિત ગૌણ ગણવું એ સઘળું વાતાવરણમાં હતું. પછી વિઠ્ઠલ કન્યા વિદ્યાલયનાં ગૃહમાતા પુષ્પાબહેન પટેલે અરુણાબહેન માટે જાણે વ્યવહાર અને સંબંધભાતનો નકશો પ્રત્યક્ષ કરાવ્યો. આ સઘળાં પર ગ્રામદક્ષિણામૂર્તિની કલમ ચડી. એટલે જે ગુણલક્ષણો અપ્રગટ હતાં તે સોળે કળાએ ખીલી ઊઠ્યાં. લોકદક્ષિણામૂર્તિની પરંપરાનાં આંતર-તત્ત્વોને તેમણે બંનેએ એવાં આત્મસાત કર્યા અને વિતરિત કર્યા કે ૩૦-૪૦-૫૦ વર્ષેય એમનાં વિદ્યાર્થીઓ તેમને આદર અને આત્મીયતાથી યાદ કરે છે.

ઉત્તમ શિક્ષક કે ગૃહપતિ પોતાનાં વિદ્યાર્થીઓ કે છાત્રો માટે જીવ્યા હોય છે. પરિણામે તેઓ વિદ્યાર્થીઓનાં હૈયામાં જીવે છે. અરુણાબહેન અને રઘુભાઈ વિદ્યાર્થીઓના હૃદયમાં અડધી સદી પછીય કેવા અખંડપણે અંકાયેલાં છે તેનાં સ્મરણો અહીં પાનેપાને મળશે. એક વિદ્યાર્થિનીનો આ હૃદયભાવ અનેક વિદ્યાર્થિનીના હૃદયભાવનો પડઘો પાડે છે :

'એકદમ, સહજ, સરળ અને પ્રેમાળ, ગંભીર છતાં હસમુખાં, દૃષ્ટિવાન અને સ્વતંત્રતા આપનાર, વિદ્યાર્થીની સારપમાં પૂરી શ્રદ્ધા છતાં નબળાઈઓ પ્રત્યે પૂરા જાગૃત. આમાંનું એકેય પલ્લું કોઇ પણ દિશામાં કે કોઇ પણ સમયે કે કોઈપણ વ્યક્તિ માટે વધારે પડતું નમી ન જાય તેની ઝીણી કાળજી રાખે.'

આમાંથી અરુણાબહેનની કાર્યશૈલી, વિચાર સમૃદ્ધિ અને કેળવણી તત્ત્વોની જાગ્રતિ સૂચવાય છે.

નઈતાલીમ, ગાંધીવિચારની શિક્ષણપ્રણાલી કે ચારિત્રઘડતર માટે ઉત્સુક વિદ્યાલયોનો પાયો એના છાત્રાલયના સમૂહજીવનમાં રહેલો છે. કેવળ વર્ગશિક્ષણ એ તો શિક્ષણનું પચાસ ટકા જ કામ છે. સમૂહજીવન જ અનાયાસ ગુણવિકાસ કરે છે. લોકદક્ષિણામૂર્તિની પરંપરામાં એ સ્વાભાવિક, આવકાર્ય અને અમૃતતત્ત્વ જેમ ઉપાસ્ય હતું. એટલે જે જે લોકો

એને અભિમુખ હતા તેઓ પોતે સાર્થકતા પામ્યા અને અનેક વિદ્યાર્થીઓનાં જીવનને તેમણે સાર્થક કર્યા. અરુણાબહેન-રઘુભાઈ તે પૈકીનાં.

વારસો સમૃદ્ધ હોય એટલું પૂરતું થતું નથી. વિકાસયાત્રામાં વ્યક્તિની અભિમુખતા અને સમર્પિતતા ખૂબ મોટો ભાગ ભજવે છે. વળી, આ પુસ્તકમાં વર્ણવાયેલી નાનીનાની વ્યક્તિગત ઘટનાઓ મંચ અને માઈક પરની પ્રશંસા નથી, પરંતુ ઘરના શાંત ખૂણે બળતાં ઘૃતદીપ જેવી પ્રકાશ પાથરવાની ઘટનાઓ છે. સાચો શિક્ષક કે ગૃહપતિ નાની ઘટનાને વ્યાપક જીવનસંદર્ભ આપે છે. એટલે કહેવાયું છે કે સૂર્યપ્રકાશ તો બધે પથરાય છે, પરંતુ માટીની ઠીકરી પર પડેલું સૂર્યકિરણ માત્ર ઠીકરીને અજવાળે છે. પરંતુ એ જ સૂર્યકિરણ પહેલદાર હીરા પર પડે છે ત્યારે તે હીરો તેને અનેકધા પરાવર્તિત કરે છે. અરુણાબહેન અને રઘુભાઈના જીવનમાં આ પ્રક્રિયા ઉત્તમ રીતે અવતરિત થઈ છે. તેમણે લોકદક્ષિણામૂર્તિના ગુરુજનોનાં જીવનમાંથી અને પરંપરામાંથી ઉત્તમોત્તમ કેળવણીતત્ત્વોને પામી-પચાવી-અમલી કર્યા છે એટલે ધન્યતા પામ્યાં છે અને તેમના સંસર્ગમાં મૂકાયેલાં વિદ્યાર્થીઓ પણ ધન્ય બન્યાં છે. એટલે સાવ સામાન્ય ઘટના પણ કેળવણી પ્રક્રિયાથી પ્રકાશિત થઈ ઊઠી છે.

આમ તો કેળવણીની સમગ્ર પ્રક્રિયાનું રહસ્ય જ નિર્વ્યાજ સ્નેહ છે. એવો સ્નેહ અને બંધતાળાની ગુરુકિલ્લી (Master Key) બને છે. એવા સ્નેહની અભિવ્યક્તિ અનેક સ્વરૂપે થઈ છે. કિશોરાવસ્થામાં પ્રવેશીને યુવાવસ્થાને ઉંબરે પગ મૂકતાં વિદ્યાર્થીઓ સાથેનું કાર્ય પળેપળની જાગૃતિ માગે, વિચારની સ્પષ્ટતા માગે, પરિણામને બદલે વર્તન પરિવર્તનની ધીરજ માગે અને ક્યાં મૂલ્યો જાળવવાનાં છે એ અંગેની અડગ શ્રદ્ધા માગે છે. આ ગ્રંથમાંથી એ ઉપસી આવે છે કે આ દંપતીએ આ પ્રકારે કાર્ય કર્યું છે એટલે આવું નિર્ણાયક, આવું અસરકારક, આવું સ્મરણીય પરિણામ નીપજ્યું છે.

આજે શિક્ષણમાં શું ખૂટે છે અને એની પૂર્તિ કઈ રીતે થઈ શકે તેનો જાણે આખો નકશો આ ગ્રંથમાં છપાયો છે. ઘટનાઓ નાની છે, રોજબરોજની છે, પંરતુ તેને નવો અર્થ મળ્યો છે. કારણ કે છાત્રાલયમાં આવતા વિદ્યાર્થીઓનું કૌટુંબિક વાતાવરણ, ઉછેર, વલણબંધારણ, ટેવો, માન્યતાઓ ભિન્નભિન્ન હોય છે. નિયમોની યાદી બોર્ડ પર લખી દેવાથી પ્રશ્નો ઉકલી જતા નથી. એ તો સંબંધમાધુર્ય અને ઝીણી કાળજીમાંથી નિષ્પન્ન થતી નિકટતા અને વિદ્યાર્થીઓ પર મૂકેલા વિશ્વાસમાંથી ઉકલે છે. અનેક ઘટ્ટ પડદા હટી શકે છે. એના નમૂના પ્રસ્તુત ગ્રંથમાં અનેક છે. એટલે અનેક વિદ્યાર્થીઓની આભારવશતા એમના પ્રતિભાવોમાં છલકાય છે.

આ ઉંમર એ વયસંધિની ઉંમર છે. તેમાં દેખાય અને હોય વચ્ચેનાં પડો ગૃહસંચાલકે ઉકેલવાનાં હોય છે. અરુણાબહેન અને રઘુભાઈ એવાં પડોને ઉકેલી શક્યાં હતાં તે તેમની વશેકાય છે. એક વિદ્યાર્થિની પરીક્ષાની લ્હાયમાં દિવસો સુધી નાહી ન હોય, બે વિદ્યાર્થિનીઓ શરત કરે કે નાહ્યા વિના કેટલા દિવસ ચલાવી

શકાય? ત્યાંથી લઈને વિદ્યાર્થિની ઉપર ભણીને ગયેલો વિદ્યાર્થી પત્ર લખીને 'આપણે પરણશું?' એવી માગણી કરે ત્યાં સુધીનું પ્રશ્ન વૈવિધ્ય ગૃહસંચાલક સામે હોય છે. કોઇને અમુક ખાવાનું ભાવે નહીં, કોઇ વારંવાર માંદું પડી જાય, કોઇ સામાન મૂકવાનું ખાનું કે બિસ્તરો સરખાં ગોઠવે જ નહિ, જે ગીત છાત્રાલયમાં હોંશથી ગાતી-ગણગણતી કન્યાઓને એ ખબર જ ન હોય કે ઓનો મર્મ શો છે, જાહેરમાં વક્તવ્યનું નિમંત્રણ મળે અને છાત્રા વક્તવ્યમાં દાંપત્યભાવના ઉછીનાં વાક્યો ઉમેરી દે જેના અર્થની એને ખુદને ખબર ન હોય આવા હજાર પ્રશ્નો ખડા થતા હોય ત્યારે (જેવું કેટલાંક છાત્રાલયમાં બને છે) ભય, દબાણ કે ત્રાસના માધ્યમને ત્યાજ્ય ગણીને પ્રેમ, સમજાવટ અને ધૈર્યને જ ઉપકારક ગણવાની નીતરી સમજથી અરુણાબહેન વર્ત્યાં છે એ એમનો આંતરવિકાસ સૂચવે છે.

આવો આંતરવિકાસ કેવળ છાત્રોનો નથી થતો, ગૃહસંચાલકનો પણ થાય છે, એ ત્યારે શક્ય બને છે જ્યારે ગૃહસંચાલક સમજે છે કે વિદ્યાર્થી દરેક વર્ષે આગળ વધે છે તેમ તેમ તેની ભાવદશા અને વિચારસૃષ્ટિ વિકસિત થાય છે તેમ ગૃહસંચાલકે પણ પોતાની વિચારણાને જ્ઞાનપૂત અને સાધનાક્રમમાં તપાસતાં રહેવી જોઈએ. અરુણાબહેન અને રઘુભાઈ (અને બીજાં શિક્ષકો પણ) આ કરી શક્યાં તે તેમનું અને ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાનું સદ્ભાગ્ય છે. કહી તો એમ શકાય કે તલવારની ધાર પર કે નટના દોરડા પર ચાલવા જેવું આ દુષ્કર કાર્ય છે. પરંતુ જીવનસાધક ગૃહસંચાલક એ કરી શકે છે. કારણ કે તેઓ કશુંય અહંપૂર્તિ માટે નથી કરતાં. પોતાના વિદ્યાર્થીઓ વિકસ્યા, એમને બાંધનારી, અટકાવનારી ગાંઠોમાંથી મુક્ત થયાં, તેમની નિષ્ઠા પાકી થઈ, અન્યની કાળજી લેવાનું સહજપણે શીખ્યા ત્યારે માત્ર છાત્રાલય સંચાલન સરળ નથી થયું, પરંતુ એ વિદ્યાર્થિનીઓ (જેમને ઘરે પણ બીજી-ત્રીજી પેઢી હોય છે) અનેક રીતે વિકાસી છે. તેવા અનેકે નોંધ્યું છે કે અમારા સંયુક્ત કુટુંબમાં અમે સારી રીતે ગોઠવાઇ શક્યાં છીએ. અમારાં દીકરા-વહુ સાથે સારી રીતે કામ પાડી શક્યાં છીએ, અમારા કાર્યસ્થળે અમે સફળ થયાં છીએ. અરે, આંબલામાં છાત્રાલયમાં રહીને ભણેલી કન્યાઓ માટે વેવિશાળ માટે આવેલા વડીલોએ આવો અભિપ્રાય અનેકવાર આપેલો હતો કે 'તો કાંઇ પૂછવાનું નથી આંબલામાં ભણ્યાં હોય તો બધું બરાબર જ હોય.' સમાજ તરફથી મળેલ આ વિશ્વાસપત્ર એ રાષ્ટ્રપતિના એવોર્ડ કરતા ચડિયાતો છે.

કેવળ ગૃહપતિ કે ગૃહમાતાની ગોઠવણ એ હકીકતે શિક્ષણની અધૂરપ છે. એવા ગૃહસંચાલકો કેવળ વ્યવસ્થાપક બની રહે છે. જો ગૃહસંચાલક શિક્ષક પણ હોય તો છાત્રાલયના અપ્રિય નિર્ણયો માટેના અભાવોની સરભર થઈ જાય છે. લોકદક્ષિણામૂર્તિની સંસ્થાઓમાં અધ્યાપક/શિક્ષક જ ગૃહપતિ હોય એ રચના ભલે સરકારે પછી ન સ્વીકારી, પરંતુ એથી ઉત્તમ કેળવણી રચનાને પંગુ બનાવવાનું થયું છે. અરુણાબહેન અને રઘુભાઈને વિદ્યાર્થીઓએ જેટલા ગૃહસંચાલક તરીકે એટલાં જ ઉત્તમ શિક્ષકો તરીકે યાદ કર્યાં છે. રઘુભાઈ

તો હિન્દી અને ગણિત જેવા વિરોધી ગણાતા વિષયો અત્યંત રસિક રીતે ભણાવતા હતા. અને અરુણાબહેને શીખવેલ કવિતા, વાર્તા કે 'રાઈનો પર્વત' નાટકને વિદ્યાર્થીઓએ ૩૦-૪૦ વર્ષ પછીય હોંશપૂર્વક તાજા કર્યાં છે.

એક રીતે આ સ્મરણગ્રંથ એ શિક્ષણનાં પાયાનાં તત્ત્વોને મુખરિત કરતો ગ્રંથ છે. ઈતિહાસ સાચવવાની ભારતીય પ્રજામાં રગ નથી. એવું મેણું આ ગ્રંથ ભાંગે છે. વળી શિક્ષક કે ગૃહસંચાલકનું કાર્ય સૂક્ષ્મ અસરોવાળું હોય છે. તેનાં પરિણામો દીર્ઘકાળમાં વિસ્તરેલાં હોય છે. એટલે એની નોંધ લેવી જોઈએ.

છાત્રાલય સંચાલન અને શિક્ષકકાર્ય કરનાર માટે અહીં અનેક કેળવણીમૂલ્યો સહજ રીતે પ્રગટ થયેલાં છે. તેમના બિનપક્ષપાતી વલણો વિદ્યાર્થીઓમાં કેટલી ઊંડી અસર કરે છે, માંદગી વખતની ઝીણી કાળજી માત્ર હૂંફ નથી આપતી પરંતુ માતૃત્વનો મધુર લય પેદા કરે છે. એટલે અનેક વિદ્યાર્થિનીઓએ અરુણાબહેન માટે 'માતાનું' સંબોધન કર્યું છે. અરુણાબહેનનું માતૃત્વ કેવાં કેવાં સુંદર રૂપ ધારણ કરે છે એ ધ્યાનાકર્ષક છે : અભ્યાસકાળે જાહેર વક્તવ્ય આપવાની તૈયારી કરવાની હોય, નાટક કે સંગીત ટુકડીમાં ભાગ લેવાનો હોય, સંચાલકને વિદ્યાર્થિનીનું વર્તન સહજ ન લાગે પણ અરુણાબહેન એને સહજ ગણે, પરીક્ષા વખતે વિદ્યાર્થિની હિમ્મત હારી ગઈ હોય ત્યારે કહેવાયેલું પ્રોત્સાહનનું અરુણાબહેનનું વાક્ય કેટલું બધું ઉપકારક બન્યું હતું. મર્યાદા ઓળંગી શકાઈ હતી. એ સઘળું વિદ્યાર્થિનીઓનાં હૃદયમાં ચિરસ્થાયી બની ગયું હતું એ તો આ સ્મરણો વાંચતાં સમજાય છે. અનેક છાત્રાઓએ પ્રગટ કર્યું છે કે માતાએ જન્મ આપ્યો પણ ઘડતર તો અરુણાબહેને કર્યું. એ શક્ય બન્યું કારણ કે અરુણાબહેને છાત્રાઓના હૃદયને સ્પર્શવા સફળતાનો માર્ગ નથી લીધો, પણ ક્ષમા અને શ્રદ્ધાનો માર્ગ લીધો છે. છાત્રો હોય એટલે ભૂલો તો કરે, પણ તેમણે ઉકેલના માર્ગો શોધ્યા છે. છાત્રાઓએ બહારથી ભલે આલંકારિક લાગે તેવો પણ સચ્ચાઈભર્યો શબ્દપ્રયોગ કર્યો છે કે 'અરુણાબહેને અમને સંસ્કારનો કરિયાવર આપે છે.' માબાપ કે ગૃહમાતા-શિક્ષક સંસ્કાર વારસો જ આપી શકે. એટલે અનેક છાત્રાઓએ નોંધ્યું છે કે 'અમે સાસરે સુખી અને ખુશી છીએ.'

અનેક વિદ્યાર્થિનીઓએ અરુણાબહેનની ઉદારતાભરી જાગૃતિની નોંધ લીધી છે. આંતરિક કપડાં ધોઈને કેમ સૂકવાય, રૂમ કે ખાનું કેમ ગોઠવાય, બિસ્તરો કેમ મૂકાય ત્યાંથી માંડીને ભાઈઓ સાથે કેમ ભળાય, કઇ જાગૃતિ રાખવી, શું વાંચવું ત્યાં સુધીનું માર્ગદર્શન તેમણે આપ્યું છે. અને વિદ્યાર્થીઓ, શિક્ષકો કે ગૃહસંચાલકોને કેવી ઝીણવટથી જોતાં - તપાસતાં હોય છે (જો કે બોલતાં હોતાં નથી) એના નમૂના પણ મળે છેઃ અરુણાબહેનની સાડીની પાટલી ચોક્કસ રીતે વાળેલી હોય છે. અંબોડો અમુક રીતે વાળ્યો હોય છે કે તેમનું ઘર સાદગીથી કેવું સુશોભિત હોય છે. ત્યારે ખ્યાલ આવે કે ગૃહસંચાલક પણ વિદ્યાર્થીઓની નજરમાં ચોવીસ કલાક હોય છે. કલાક-બે કલાકનો દેખાવ નહિ, સતત પ્રામાણિક વ્યવહાર જ ગૃહસંચાલકનો તારણહાર હોય છે.

અનેક વિદ્યાર્થિનીઓએ નોંધ્યું છે કે અરુણાબહેન પ્રશંસા સમૂહમાં કરે પણ વઢવું

હોય, સમજાવવું હોય, પ્રશ્ન આળો હોય ત્યારે એકલાં બોલાવીને વાત કરે. કારણ કે તેઓ વિદ્યાર્થીને ભોંઠામણ આપવા નહોતા ઇચ્છતાં, સમજ વિકસે તેમ ઇચ્છતાં હતાં. ગૃહસંચાલકના ઝીણા વ્યવહારો કેળવણીનું ખરું વ્યાકરણ બનતા હોય છે. આજે છાત્રાલયો મોટેભાગે વ્યવસ્થાકેન્દ્રો બની ગયાં છે. કારણ કે એ કેળવણીકેન્દ્રો મટી ગયાં છે. ગૃહસંચાલન જીવનની સમજણ અને જ્ઞાનની વ્યાપકતા માગે છે. કદાચ કઠોર શિસ્ત અને સજાથી બહારથી બધું વ્યવસ્થિત અને રૂપાળું બતાવી શકાય, પરંતુ એની અસર પ્રાસંગિક હોય છે. એમાં કૃત્રિમતા અને દેખાડો હોય છે. અરુણાબહેન અને રઘુભાઈના વ્યવહારો નિર્ભયતાની કેળવણી આપનારા હતા. એટલે તેમના ઝીણા વ્યવહારો વિદ્યાર્થીઓના ચિત્ત પર અંકિત થયેલા છે. આ ત્યારે શક્ય બને છે જ્યારે શૈક્ષણિક દૃષ્ટિ, વિદ્યાર્થી માટે વાત્સલ્ય અને પોતાના કર્તવ્ય અંગેની સ્પષ્ટતા હોય. આ દંપતીની આ લાક્ષણિકતા છે, આ વિશેષતા છે, આ તેમનો મહિમા છે.

ઉત્તમ શિક્ષક-ગૃહસંચાલક વિદ્યાર્થીઓના મિત્ર, માગદર્શક અને ચાહક હોય છે. તે વિદ્યાર્થીની સબળાઈ અને નબળાઈ બંને જાણતા હોય છે. સબળાઈ વધે અને નબળાઈ ઘટે એ માટે જાગૃત પ્રયત્ન કરે છે. જેવો વ્યવહાર અરુણાબહેન-રઘુભાઈએ કર્યો છે. વિદ્યાર્થીના ભાવતંત્રને પોષણ આપવામાં જ તેમને તૃપ્તિ હોય છે. એટલે પગાર, યશ કે સંચાલકોને રાજી કરવાનું તેમને આકર્ષણ નથી થયું. અરુણાબહેન કાયમ પાર્ટટાઇમ જ ગણાયાં, પણ તેમણે કામ ડબ્બલ કર્યું છે કારણ કે આંબલા સંસ્થા સાથે તેમનું અંતરનું જોડાણ થયેલું હતું. તેઓ સંસ્થાનાં પાયાનાં તત્ત્વો માટે સમર્પિત હતાં. કારણ કે તેમના વિચારો સ્વસ્થ અને સ્વચ્છ હતા.

અરુણાબહેન - રઘુભાઈના સહકાર્યકરોના લેખોમાં આ આખી કેળવણી ઘટનાને સમર્થન સાંપડે છે. સમજાય છે કે આવી કૃતાર્થતા ટીમસ્પિરીટથી જ પામી શકાય છે. યોગેશભાઈ ભટ્ટના લેખમાંથી અરુણાબહેનના કિશોરાવસ્થાના કેટલાંક ચિત્રો સાંપડે છે તે વિશેષ લાભ ગણાય.

અરુણાબહેન આટલાં સારા વાચક છે, અનુભવી છે, સત્સંગથી સમૃદ્ધ થયાં છે તો લખવાનું કેમ પસંદ ન કર્યું એ આશ્ચર્યની વાત છે. દર્શકે પણ તેમને સૂચવેલું. અહીં આપેલ અનુભવકથન અને વડીલોની વંદના કરતા લેખોમાં તેમની અભિવ્યક્તિ શક્તિ અને મૂલ્યાંકનશક્તિ સરસ રીતે પ્રગટ થાય છે. તેમણે છાત્રાઓ સાથેના અનુભવો નિરાંતજીવે લખવા જોઈએ. હજુ મોડું નથી થયું. બચુદાદા - અનિલભાઈ ભટ્ટ, મધુબહેન ભટ્ટ, લાલજીભાઈ નાકરાણી વિશે વિશેષ નિમિત્તે લખ્યું છે. અને મનુભાઈ પંચોળી વિશે લખ્યું નથી એ ઝટ ગળે ન ઉતરે તેવું છે. મૃદુલાબહેન મહેતા અને અરુણાબહેન દર્શકની વિશેષ નિકટ ગણાય. હું તો કહીશ કે હજુ પણ તેમણે લખવું જોઈએ.

આ સ્મરણગ્રંથ એ શિક્ષણના તત્ત્વ અને વ્યવહારને, શાસ્ત્ર અને કળાને, સંબંધ અને જાગૃતિને મુખરિત કરતો ગ્રંથ છે. તેમાં નિમિત અરુણાબહેન - રઘુભાઈ છે, પણ કેળવણીની

પાયાની વિભાવનાઓ તેમાંથી સ્ફૂટ થાય છે. એટલે આવો સ્મરણગ્રંથ વિશેષ આવકાર્ય ગણાય. એ માટે નિમિત્ત બનનારાં અરુણાબહેન અને રઘુભાઈ જીવનની સાર્થકતા પામી ધન્ય બન્યાં છે એ તેમની ચિરંજીવ મૂડી છે. ગુજરાતને આવી શિક્ષક બેલડીઓ મળતી રહેશે તો ગુજરાતનો કેળવણી ચહેરો અવશ્ય ઉજ્જવળ બનશે.

જે પાંચ વિદ્યાર્થીઓ આ આખા ઉપક્રમ માટે અગ્રયાયી બન્યા તેઓ અભિનંદનના અધિકારી છે.

આ ગ્રંથ ગુજરાતની શિક્ષણસંસ્થાઓ સુધી પહોંચશે તો એ યોગ્ય પગલું ગણાશે. અરુણાબહેન અને રઘુભાઈને હાર્દિક અભિનંદન.

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૭ થી ચાલુ)

પોતાના પ્રવચનમાં કહી પણ દીધું : 'સ્વયંસેવકો હમાલોને પ્રાર્થનામાં આવતાં રોકે છે, કારણ કે એમનાં વસ્ત્ર મેલાં છે.' મારા સ્વયંસેવકો તો ડઘાઈ ગયા. કાપો તો લોહી ન નીકળે!

હું ગાંધીજી પાસે પહોંચ્યો અને એમને કહ્યું : 'રામના મંદિરમાં બેસીને તમે જૂઠું કેમ બોલ્યા? તપાસ કર્યા બાદ ખબર પડી કે એક પણ હમલાને રોકવામાં નથી આવ્યો, તો! એ બિચારા સ્વયંસેવકો તો બજારમાં ફરવા લાયક પણ ન રહ્યા! મારી વર્ષોની કમાણી પર તમે પાણી ફેરવી દીધું!' હું જેટલી બદતમીજી કરતો રહ્યો, તેમ તેમ બાપુ હસતા રહ્યા. બિરલાભવન પહોંચતાની સાથે એમણે પ્યારેલાલ અને વ્રજકૃષ્ણ ચાંદીવાલાને આજ્ઞા કરી કે હમાલોનાં વિશ્રામગૃહો પર જઈને તપાસ કરે અને કાલની પ્રાર્થનાસભા પહેલાં રિપોર્ટ રજૂ કરે. બીજા દિવસે શું બન્યું?

પ્રાર્થના સમાપ્ત થઈ કે તરત ગાંધીજીનું પ્રવચન શરૂ થયું. હું રિસાઈને દૂર જઈને ઊભો હતો. પ્રવચનમાં ગાંધીજીએ કહ્યું : આજે તો હું પ્રાયશ્ચિત કરવા માગું છું. આજે ત્યાગી તો મારાથી નારાજ થઈને દૂર ઊભો છે. એણે મને કહ્યું હતું કે : રામમંદિરમાં બેસીને હું જૂઠું કેમ બોલ્યો? મને એક વ્યક્તિએ જણાવ્યું કે હમાલોને પ્રાર્થનામાં આવતાં રોકવામાં આવે છે, કારણ કે એમનાં વસ્ત્ર મેલાં હોય છે. મેં એની વાત પર ભરોસો મૂકી દીધો. તપાસ કરી, તો વાત જૂઠી નીકળી. ત્યાગી તો કહેતો જ હતો કે : રામમંદિરમાં બેસીને હું જૂઠું બોલ્યો. મારે તો પ્રાયશ્ચિત કરવું પડશે. આખરે તો હું મહાત્મા છું ને! આવો, આપણે સૌ મળીને પ્રાયશ્ચિત કરીએ. પ્રાયશ્ચિત્ત તો એ જ કે આપણે ભવિષ્યમાં આવું પાપ ન કરીએ. તો સૌ આંખ મીંચીને રામનું ધ્યાન કરો. પ્રતિજ્ઞા કરો કે જ્યારે કોઈની બૂરાઈ આંખે ચડે, તો આંખ બંધ કરવી, કાને પડે તો કાન બંધ કરવા અને વળી કોઈની બૂરાઈ તમારી અંદર પેસી જાય, તો મેં બંધ કરી લેવું. કોઈની બૂરાઈ કે બદનામીની વાત પૂરી ચકાસણી કર્યા વિના મોં દ્વારા પ્રગટ ન કરવી.'

મેં પ્રાર્થના પછી બાપુની પાસે જઈને પ્રણામ કર્યા. તેમણે કહ્યું : 'તારા પાપીને ક્ષમા કરી દીધી કે?' હું રડી પડ્યો.

(મહાવીર ત્યાગીના પુસ્તક : 'વે ક્રાંતિ કે દિન'માંથી સાભાર)

# આઝાદીના ગર્ભમાં રહેલા નવરસ

- અમિતાબેન પાલખીવાલા

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના સંઘર્ષની વિવિધ ઘટનાઓ, બલિદાનો અને આઝાદીના ગર્ભમાં છૂપાયેલા વિવિધ ઘટકો-નવરસોનું નિરૂપણ કરતી શ્રેણીની શરૂઆત અમે આ અંકથી કરીએ છીએ. સ્વાતંત્ર્ય સંગ્રામના સ્મરણોનો સહારો લઈ તેની વિવિધ ગાથાને દર્શાવવાનો ઉત્તમ પ્રયાસ આ શ્રેણીમાં લેખિકાએ કર્યો છે. આઝાદી મેળવવા થયેલા પ્રયત્નોની રસપ્રદ વાત વાંચકોને ગમશે એવી આશા સાથે.

- તંત્રી

આઝાદીના ગર્ભમાં રહેલા નવ રસ
આઝાદીનો હું વીર રસ છું.

કદમ કદમ બઢાયે જા
ખુશી કે ગીત ગાયે જા
યે જિંદગી હૈ કોમકી
તૂ કોમ પે લૂટાયે જા

તૂ શેર-એ-હિન્દ આગે બઢ,
મરને સે તૂ કભી ના ડર
ઉડા કે દુશ્મનોં કા સર
જોશ એ વતન બઢાયે જા
કદમ કદમ બઢાયે જા
ખુશી કે ગીત ગાયે જા

તેરી હિમ્મત બઢતી રહે
ખુદા તેરી સુનતા રહે
જો સામને તેરે અડે
તો ખાક મેં મિલાયે જા
કદમ કદમ બઢાયે જા
ખુશી કે ગીત ગાયે જા...

સ્વતંત્ર સેનાની વંશીધર શુક્લ લિખિત તથા સુભાષચંદ્ર બોઝ દ્વારા સંગઠિત આઝાદ હિન્દ ફૌજનું રક્તસંચાર તેજ કરી દે તેવા આ તેજ ચાલ (માર્ચ સોંગ) ગીતના સૂર અને શબ્દો સાંભળી-વાંચીને તમે મને ઓળખી લેશો જ ખરુને. આઝાદીનો હું વીર રસ છું. સ્વાતંત્ર્યની ચળવળ દરમિયાન પ્રજાની નસોમાં વહીને જીવવાનો લય બનાવતા એ એક જોશપૂર્ણ ગીતથી ડરી જઈને અંગ્રેજ હકૂમતે જેને છ વર્ષ સુધી પાબંદી લગાવી દીધી હતી. (આઝાદી પ્રાપ્તિ પછી જ આ ગીત પરની પાબંદી હટાવી દેવામાં આવી હતી.) ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસે ૧૯ ડિસેમ્બર ૧૯૨૯ના લાહોર અધિવેશનમાં જવાહરલાલ નહેરુના નેતૃત્વમાં 'પૂર્ણ સ્વરાજ'નો પ્રસ્તાવ કરતાં આ ગીત ઉપયોગમાં લીધું હતું. જે આટલા દસકાઓ પછી આજે પણ આપણાં શરીરમાં રક્તસંચાર કરવા માટે સક્ષમ છે.

હિંમતવાન, મજબૂત, ભડવીર, બહાદુર, નીડર, શક્તિશાળી, શૂરવીરતા - આ બધાની સાથે રહીને હું અસંખ્ય શત્રુઓનો સામનો કરું

છું. આમ તો હું ઉત્તમ પાત્રોમાં જ રહેલો છું. મારામાં રહેલો ઉત્સાહ, સ્ફૂર્તિ અને પ્રમોદ મને રૌદ્ર રસથી જુદો પાડે છે. ભારતીય રાજવી અને ઋષિ ભરતમુનિના રસસૂત્ર પ્રમાણે શ્રૃંગાર રસ અને રૌદ્ર રસની જેમ હું મૂળ રસ છું. કારણ કે મારામાંથી જ અદ્‌ભૂત રસ ઉત્પન્ન થાય છે. શત્રુના પડકાર, ગર્જનાના પ્રત્યુત્તર સ્વરૂપે ગરીબોની દુર્દશા જોઈને અને ધર્મ બચાવવાનો જે ઉત્સાહ મનમાં ઊભરાય છે તે જ મારી ભાવના છે. 'બુંદેલે હર બોલો કે મુંહ હમને સુની કહાની થી, ખૂબ લડી મર્દાની વહ તો ઝાંસીવાલી રાની થી.' યુદ્ધના વર્ણનનું વીર રસનું ઉદાહરણ આપતું આ ગીત તમે સાંભળ્યું જ હશે. આથી જ આચાર્ય રામચંદ્ર શુક્લ મને ચારણોની પારિવારિક સંપત્તિ માનતા હતા.

હા, આઝાદીના ગર્ભમાં રહેલો હું વીર રસ છું. ૧૮૫૭ની વીરતાની જ્વાળાઓમાં હું છું. મંગળ પાંડેની નસોમાં દોડીને સર્જાયેલા ક્રાંતિના લાવામાં હું છું. અંગ્રેજોએ વીર ક્રાંતિકારીઓને ઝાડ પર આપેલી ફાંસીમાં હું છું. 'તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હેં આઝાદી દૂંગા' નેતાજી સુભાષચંદ્ર બોઝના યુવાનોને ઝંકોરી દેતા આ ધનુષ્ય ટંકારમાં હું છું. 'મેરી ઝાંસી નહીં દૂંગી' શૌર્યની અગ્નિશીખા (ચિનગારી) બનીને વિદાય લીધેલી રાણી લક્ષ્મીબાઈના લલકારમાં હું છું. 'ક્વિટ ઈન્ડિયા' ગાંધીજીની સ્વતંત્રતાની લડતના આ શસ્ત્ર અને સૂત્રમાં હું છું. સરદારના 'બારડોલી સત્યાગ્રહ' કે ગાંધીજીના ચંપારણ તો ક્યારેક દાંડીની તાકાતમાં હું છું. મા ભારતીની આઝાદી માટે નેતાજી સુભાષચંદ્ર બોઝે આપેલો 'કરો યા મરો'ના આક્રોશમાં હું છું. આઝાદીથી જીવવાનું અને આઝાદ રહીને મરવાનું પ્રણ લેનાર ચંદ્રશેખર આઝાદની પિસ્તોલની છેલ્લી ગોળીમાં હું છું. જેમ્સ સ્કોટના લાઠીમારથી લાલા લજપતરાયની તૂટેલી બૂઢ્ઢી હડ્ડીઓમાં હું છું. ભગતસિંહે તેમના સાથીઓ સાથે પાર્લામેન્ટમાં અંગ્રેજ સત્તાને હચમચાવી મૂકતાં કરેલાં બોમ્બિંગમાં હું છું. મુક્તિ ચળવળનો ગણવેશ બની ગયેલા ખરબચડા ખાદીના શુભ વસ્ત્રોમાં હું છું.

'મેરા રંગ દે બસંતી ચોલા, મા એ રંગ દે બસંતી ચોલા', 'આગે કદમ! આગે કદમ! આગે કદમ! યારો! ફનાના પંથ પર આગે કદમ!', 'નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે, ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.' હું શું માત્ર કવિતાઓ અને આખ્યાનોનો જ હિસ્સો છું? ના. બિલકુલ નહીં. આઝાદીના ગર્ભમાં રહેલો હું વીર રસ છું. આઝાદીની લડાઈમાં દરેક ક્ષણે, દરેક સ્થળે તમને મારી હાજરી દેખાશે. હરકોઈ જવાન, હરકોઈ યુવાન, દરેક જિલ્લો, દરેક છાવણીઓમાં અંગ્રેજો સામે નિઃશસ્ત્ર રહીને પણ હિંમતપૂર્વક લડતા વીરોની સાથે હું હોઉં છું.

અંગ્રેજ હકૂમતની માસૂમોએ ઝીલેલી હજારો ગોળીઓમાં સ્વાતંત્ર્ય વીરો પર વરસાવેલા કરોડો કોરડામાં, આંદામાનની સેલ્યુલર જેલમાં બરફની પાટો પર સૂતેલા ક્રાંતિવીરોમાં, લાહોર સેન્ટ્રલ જેલના ફાંસીના માંચડા પર, બૂંદ બૂંદ પાણી માટે તરસી રહેલા પોલાદી નરવીરોના કંઠોમાં કે ૩૦ જાન્યુઆરીએ બાપુએ ઉચ્ચારેલા

છેલ્લા 'હે રામ!' શબ્દોમાં તમને મારી ઉપસ્થિતિ જણાશે જ. હું જ્યારે લોકોના તન, મન પર સવાર થઈને, લોકોની નસોમાં વહીને ક્રાંતિને જન્મ આપું છું ત્યારે વીરતાની હજારો જ્વાળાઓ પ્રગટીને અસંખ્ય મશાલોમાં ફેરવાઈ જાય છે.

મને યાદ છે ૧૮૫૭નો ૨૯મી માર્ચનો રવિવારનો એ દિવસ. જયારે આઝાદ હિન્દુસ્તાનના સ્વપ્નએ જન્મ લીધો; અને જેણે સ્વતંત્રતાનો પાયો નાંખીને ઈતિહાસ રચ્યો. સ્થળ હતું કલકત્તાથી ૧૬ માઈલ દૂર બરાકપુર છાવણી. સિપાહી નંબર ૧૪૪૬ અને નામ હતું મંગળ પાંડે. જેમની શહીદીએ જ ભારતમાં સૌ પ્રથમ ક્રાંતિના બીજ વાવ્યા હતા. ભારતની આઝાદીની પહેલી લડાઈ એટલે કે ૧૮૫૭નો સ્વતંત્રતા સંગ્રામ તેમના જ વિદ્રોહથી શરૂ થયો હતો. તેમના દ્વારા શરૂ કરવામાં આવેલી ક્રાંતિની જ્યોતથી બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની હચમચી ગઈ હતી.

પરિવારની નબળી આર્થિક સ્થિતિ, ખેડૂતો પરનો ઊંચો કરબોજ, ખેતીની નબળી સ્થિતિ વગેરે કારણોસર અનિચ્છાએ રોજગારી માટે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીમાં જોડાઈ માત્ર ૨૨ વર્ષની ઉંમરે બંગાળ નેટિવ ઈન્ફન્ટ્રીની (પાયદળ) ૩૪મી બટાલિયનમાં તેઓ જોડાયા. આ સમયગાળામાં સેનાને એવી બંદૂકો આપવામાં આવી જેમાં કારતૂસ ભરવા માટે તેને દાંતથી કાપવી પડે. જેના ઉપરના ભાગમાં ડુક્કર અને ગાયના માંસમાંથી બનેલી ચરબી હતી. બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા મંગળ પાંડેએ તેનો ઉપયોગ કરવાનો ઈન્કાર કર્યો અને અંગ્રેજો વિરુદ્ધ વિદ્રોહનું બ્યૂગલ ફૂંક્યું. ગુસ્સે થયેલા અંગ્રેજ અધિકારીએ તેમને સૈન્યમાંથી દૂર કરી બંદૂક પાછી લઈ લેવાનું હુકમનામુ બહાર પાડ્યું. ત્યારે અન્ય કોઈની પણ મદદ વિના આગળ આવેલા ઑફિસર પર તેમણે વીરતાપૂર્વક ગોળીબાર કર્યા. આ બળવો જંગલની આગની જેમ ફેલાવા લાગ્યો અને વિદ્રોહની ચિનગારી બરાકપુરથી મેરઠ સહિત અનેક છાવણીઓમાં ફેલાઈ હતી. મારા સાથથી ચોતરફ સ્વાતંત્ર્ય સંગ્રામનો રણઘોષ હતો, આખા દેશમાં આઝાદીનું ઝૂનૂન હતું, ઉપરાંત 'મારો ફિરંગી કો' નો નારો આપીને મંગળ પાંડેએ અનેક ભારતીયોને હિંમત આપી હતી. અને અનેક વીર સપૂતો હિંમતપૂર્વક અંગ્રેજો સામે લડ્યા, કેટલાક શહીદી પામ્યા, કેટલાંકને જેલ કરવામાં આવ્યા, કેટલાંકને દેશ નિકાલ કરવામાં આવ્યા. બળબળતા જૂન મહિનામાં આખું ભારત સળગી ઊઠ્યું હતું અને ચોમેર અંગ્રેજોની ચાલ નિષ્ફળ થઈ રહી હતી. મારા સાથથી મંગળ પાંડેની નસોમાં દોડીને ક્રાંતિનો એવો તો લાવા સર્જાયો કે ક્રાંતિકારીઓને ફાંસીએ લટકાવવા માટે અંગ્રેજો પાસે ફંદા ઓછા પડવા લાગ્યા અને અંગ્રેજોએ વીર ક્રાંતિકારીઓને ઝાડ પર ફાંસી આપવી પડી હતી. બળવો એટલો ઝડપથી ફેલાઈ ગયો હતો કે પહેલીવાર અંગ્રેજોને ભારતના શાંત વાતાવરણમાં ભળેલા આક્રોશનું ભાન થયું. તેના અણસાર માત્રથી બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની ભયભીત થઈને હચમચી ગઈ હતી. અને મંગળ પાંડેને ૧૮ એપ્રિલે ફાંસી આપવાના બદલે ૧૦

દિવસ પહેલાં ૮ એપ્રિલે જ ફાંસી આપવામાં આવી. એવું કહેવામાં આવે છે કે વિદ્રોહનો પડઘો જનમાનસ પર એટલો ઘેરો હતો કે બરાકપુર છાવણીના સ્થાનિક જલ્લાદે પણ મંગળ પાંડેને ફાંસી આપવાની ના પાડી દીધી હતી, ત્યારે ફાંસી આપવા માટે કલકત્તાથી ચાર જલ્લાદ બોલાવવામાં આવ્યા હતા. ૧૮૫૭ની ક્રાંતિ ભારતનો પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ હતો. જેની શરૂઆત મંગળ પાંડેના બળવાથી થઈ અને આ પ્રથમ ક્રાંતિ સંગ્રામના પ્રથમ શહીદ પણ મંગળ પાંડે જ હતાં.

આઝાદીની લડાઈમાં વીરતાની ગાથા માત્ર મંગળ પાંડે પૂરતી નહોતી, પણ આપણા દેશના ઘણા વીર સપૂતોએ દેશને ગુલામીની બેડીમાંથી મુક્ત કરાવવા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું છે. કારણ કે આ એ વીરભૂમિ છે જ્યાં વાંસળી ઉઠાવનાર આંગળીઓએ સુદર્શન ચક્ર પણ ઉઠાવ્યું છે, અને અહિંસાના શસ્ત્ર સામે ઈન્કિલાબ (ક્રાંતિ) સર્જ્યો છે.

૧૮૫૭ - આ ચાર અંક નજર સામે આવે એટલે તુરંત જ અસંખ્ય તેજસ્વી વીરલાઓ આંખ સામે ઝળાંહળાં થાય છે. પણ આ અગણિત લોકોમાંથી એકમેકને તારવીને અહીં કોના વીરત્વ ગાવા? હાથમાં માથા લઈને ઘૂમતા ક્રાંતિકારીઓની ખુમારી, અબળામાંથી બનતી જતી વીરાંગનાઓ, દેશભક્તિ, કુરબાની અને વીરતાભર્યા સાહસો કરનાર શૂરવીરોનો સત્યાગ્રહનો ઈતિહાસ, જેનું નામ આઝાદ અને પિતાનું નામ સ્વતંત્રતા એવા ચંદ્રશેખર આઝાદ, સરફરોશીની તમન્ના ધરાવતા ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુની વીરત્વની કથાઓ, ઈન્કિલાબીઓની રક્તધારાઓ, શહીદીની રાહ પર કફન બાંધીને લડતી દેશ દુલારી ઝાંસીની રાણી, શબ્દથી, શરીરથી, શસ્ત્રથી દેશના સ્વાતંત્ર્ય માટે લડતા રહેનાર કવિઓ, શૌર્યગાથા રચીને ઈતિહાસને પાને પોતાનું નામ અંકિત કરનાર નાના સાહેબ પેશ્વા, સામ્રાજ્યવાદને પડકાર ફેંકીને ધ્રુજાવનાર લાલા લજપતરાય, ભૂખ તરસ અને મોત પણ જેમને ચલિત કરી શક્યા નહીં તેવા ખુદીરામ બોઝ, ગેરિલા યુદ્ધ કરી અંગ્રેજોને હંફાવનાર તાત્યાટોપે, બારડોલી સત્યાગ્રહ દ્વારા રણશીંગુ ફૂંકનાર સરદાર પટેલ, ભારતની સ્વાતંત્ર્યની લડતમાં સૈનિકની જેમ લડેલા કસ્તુરબા, કાકોરી લૂંટના રામપ્રસાદ બિસ્મિલ, અશફાકઉલ્લા, ચાફેકર બ્રધર્સ, મદનલાલ ધ્રિંગા અને બીજા પણ કેટલા? અસંખ્ય સમરવીરો, (યુદ્ધના હીરો), અસંખ્ય શહીદોએ આઝાદીના આતશ (અગ્નિ) ઉપર પોતાની જાતને રાખમાં ફેરવી નાંખી. અનેક શૂરવીરોની ધીરતાની, વીરતાની અનેક વાતો દેશની હવામાં આજે પણ ગૂંજે છે. સ્વતંત્ર દેશની હવામાં ઘોળાયેલો હું જ છું; વીર રસ - જે વિઘ્નોને ગળે લગાવે છે, કાંટાળી કેડીઓમાં રસ્તો બનાવે છે. આ વીરોની યાદમાં એટલું કહીશ કે,

''એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી એ પથ્થર પર કોતરશો નવ કોઈ કવિતા લાંબી, લખજો.

''ખાક પડી આંહી
કોઈના લાડકવાયાની''

માતૃભૂમિ માટે પુણ્યવેદી પર ચઢી ગયેલ આ વીર શહીરોનું લેખન કરતાં રાષ્ટ્રકવિ રામધારી

સિંહ 'દિનકર' રચિત ચાર પંક્તિઓ લખતાં મારી કલમ પણ આ દેશભક્તોનું ઋણ ચૂકવે છે. જેનો ઉદ્દેશ્ય માતૃભૂમિ માટે પોતાનું સર્વસ્વ ન્યૌચ્છાવર કરનારનું જયગાન કરવાનું છે.

જલા અસ્થિયાં બારી-બારી
ચિટકાઈ જિનમેં ચિનગારી,
જો ચઢ ગયે પુણ્યવેદી પર
લિયે બિના ગર્દન કા મોલ
કલમ, આજ ઉનકી જય બોલ.

શૌર્ય અને સ્વાવલંબનનું સંમિશ્રણ એટલે સરદાર વલ્લભભાઈ પટેલ. ગાંધીજી પાસેથી તેમણે એક વાત સમજી લીધી 'નીડરતા'. 'નીડર' અને 'લીડર'ની વ્યાખ્યાને તેઓ ઘણું ખરું જીવી ગયેલા. એમના શબ્દોમાં એમણે રાખેલા અખંડિત ભારતની તેજાબી નવાબી છે. ગાંધી વિચારનો લોખંડી મિજાજ સરદારથી શરૂ થાય છે અને પૂરો પણ થાય છે.

આઝાદીનો હું વીર રસ. સરદાર વલ્લભભાઈ પટેલની અસાધારણ, નિર્ભિક અને વીર શબ્દવાણી આજે તમારે નામ કરું છું. ''સ્વમાનના રક્ષણ ખાતર બધું કષ્ટ વેઠીને, ત્યાગ કરીને દેશ માટે બલિદાન આપો. દેશની સેવામાં, સન્માનથી જીવવામાં જે મીઠાશ છે તેવી બીજા કશામાં નથી. જગતમાં નિરંતર સાવધાન અને જાગ્રત રહો. આંખમાં ખુમારી આવવા દો અને ન્યાયને ખાતર અન્યાયની સામે લડતાં શીખો. સત્તાના જુલ્મો સામે લડો અને તે માટે તો રાત-દિવસ અને ત્વરિત જંગ માંડવો જોઈએ. નબળાઈઓ દૂર કરો અને વિશ્વાસ રાખીને આળસ છોડી દો. વહેમો ફગાવી દો, ડર છોડો, કુસંપનો ત્યાગ કરો, કાયરતા ખંખેરી નાખો, હિંમત રાખો અને બહાદુર બનો. આત્મવિશ્વાસ રાખતા શીખો.'' સરદાર કહેતાં, ''કોઈ સલ્તનત પાસે એવી બંદૂક કે તોપગોળો નથી કે જેની જીવાદોરી ઈશ્વરે તોડી નથી એને મારી શકે.'' ''આજનો ધર્મ બજાવો, આપણો હક્ક મક્કમપણે માંગો. બહાદુર માણસો નવા રસ્તે પડે છે. સ્વતંત્રતા મેળવવા સહનશીલતા અને ધૈર્ય રાખતા તથા ભોગ આપતાં શીખો. પ્રજાની ઉન્નતિનો આધાર તેની હિંમત, તેના ચારિત્ર્ય અને તેની ભોગ આપવાની શક્તિ ઉપર રહેલો છે. કમર કસીને દેશનું ઋણ અદા કરો. એકતા અને સંગઠનનો ઉપયોગ આપણી નાવને સુખ અને સમૃદ્ધિના બંદરે હંકારી જવામાં કરીએ. કારણ કે જ્યારે પ્રજા એક થાય છે ત્યારે જુલ્મમાં જુલ્મી રાજ્ય પણ તેની સામે ટકી શકતું નથી.''

સરદારની મક્કમતા, તેમનામાં રહેલું લોખંડીપણું અને મનની ગજબની નિશ્ચય શક્તિ - હકીકતમાં એ બધામાં હું જ હતો - 'વીર રસ'. આ નરસિંહની વેધક વીરવાણી સાથે હું એવી રીતે ભળી ગયો કે આ ખેડૂતપુત્રની વીરતાની ગાથા કરવા સારું કલમ ઉપાડી તો સરદારશ્રી પરના કાવ્યોની નક્ષત્રમાળામાંથી ('કાવ્યાંજલિ') તેમની વીરતાને પ્રતિબિંબિત કરતું એક કાવ્ય ઝણઝણાટી કરાવી ગયું.

એ અવાજ ખેડાથી ઊઠ્યો
બોરસદ, બારડોલી, નાગપુરમાં ગાજ્યો, ગરજ્યો
ને તૂટી પડ્યો મૂશળધાર ધોધમાર...

તેઓ બોલતા, શબ્દો નહીં
તેજર્તરાર, તીખ્ખી, અસ્સલ ચરોતરી,
કોઠા છાપ, કાપીને કટકા કરતી
આખ્ખા બોલી, તડ ને ફડ વાણી...
સાચ્ચી વાણી
તેઓ બોલતા, શબ્દો નહીં
શાસન વિરુદ્ધ સિંહનો રણ ટંકાર કરતાં
છોતરા ફાડી નાંખે એવાં તાતાં તીર,
વ્યંગ બાણ છોડતાં
તેઓ બોલતા, શબ્દો નહીં
હૃદયની આરપાર સોંસરી ઉતરી જાય એવી
મક્કમ મનોબળ સાથેની
'તાતી સંકલ્પશક્તિ'
તેઓ બોલતા, શબ્દો નહીં.
કઠોર ચહેરે છતાં કોમળ હૃદયે
હૃદયની આગ પૂરતી સાચ્ચુકલી બાની
તબ ધરાની તળપદી
ખેડૂત વાણી, જન જનની લોક વાણી
તેઓ બોલતા, શબ્દો નહીં
કાર્યો, પરિણામદાયી કાર્યો
વીર વલ્લભભાઈની વીરતાના કાર્યો
સરદારને જન્મ આપતાં કાર્યો
એ અવાજ, એ જબાન, એ ભાષા
વલ્લભભાઈ પટેલ હોય નહીં
તો હોય પણ નહીં
આ ભારત વર્ષ...
એક અને અખંડ!

- વરદરાજ પંડિત

મારે એ કહેવાની જરૂર નથી કે દેશવાસીઓની નસોમાં ઉકળતા લાવાની જેમ દોડી રહેલો હું - વીર રસ, જેણે અંગ્રેજોને ચેનથી જીવવા દીધા નહીં અને છેવટે ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટે આપણને આઝાદી મળી.

---

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ થી ચાલુ)

ગુજરાતી દૃષ્ટિ પંત, ખુશ્બુ સરોજ, રાધિકા પટેલ, મધુબાલા અલાવે, શ્રેયા ઓઝા, રીયા મોદી, ખુશી શેઠ, માયા રબારી અને તન્વી માયાણીનો સમાવેશ થાય છે.

એ ઉપરાંત મહારાષ્ટ્રની રીતિકાસિંહ, પૂજા ગુપ્તા, આર્ય મોર્ય, વૈષ્ણવી બારાતે, કેરેલની અલ્ફોન્સીયા એમ, સંથારા કે., અન્જીવા એમ., અશ્વિની એમ. આર., દિલ્હીની દેબીકા તાંતી, અક્ષિતા સ્વામી, સંધ્યા કુમારી, રેબેકા ઝમ્થીમાવી, અરૂણાચલપ્રદેશની અયોમ દેગીઆ, મીતાનામ પેર્મે, અસમની પુષ્પા સાહુ તેમજ તેલાંગણાની અલાખ્યા કોઠીની મહિલા ફુટસલ રમતમાં પસંદગી થઈ છે.

## ટૂંકાવીને

- ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮માં કુલ ૧૩૮૦૦ શિક્ષકોની હવે સંયુક્ત ભરતી.
- ભારતના ટોચના ૨ ટકા વૈજ્ઞાનિકોમાં IIPH ના ડૉ. મહાવીર ગોલેચ્છા ટોપ-૧૦માં.
- ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓના શિક્ષકને ફિક્સ પગારમાં રૂપિયા ૭૦૦૦ - સાત હજારનો વધારો.
- ક્લાઈમેટ ચેન્જ, ટેક્નોલાજી અને ડેમોગ્રાફી ફેરફારને કારણે ભારતમાં ૨૦૫૦ સુધીમાં ૩૫ કરોડ બાળકોનું ભવિષ્ય જોખમાઈ શકે.

# રમેશ વીરોડિયા

- હિરજીભાઈ નાકરાણી

હળવદ તાલુકાના ઘનશ્યામ ગઢમાં ૧૯૭૯માં જન્મ થયો. માતા-પિતા વચ્ચે સતત સંઘર્ષ થયા કરતો હતો. એટલે બેમાંથી કોઈનો પ્રેમ તે પામી શક્યો નથી. છેવટે બન્ને લડી-ઝઘડીને કાયમ માટે છૂટા પડી ગયા, માતા રમેશને લઈને આશ્રમમાં મૂકવા ગઈ. કેમ કે તેનામાં રમેશને પાળવા-પોષવા અને શિક્ષણ અપાવવાની આર્થિક ક્ષમતા ન હતી. ક્યારેક બન્નેને દીકરો યાદ આવે એટલે સંપીને મળવા આવતા. પછી સમય જતા મળવા આવવાનું બંધ કરી દીધું. આમ રમેશનું બાળપણ પ્રેમભૂખ્યા જ ગયું, અંતરની વેદના દબાવીને આગળ વધ્યો.

સંસ્થામાં નવી મા મળી ગઈ. તે રમેશના માથે હાથ ફેરવી વાત્સલ્ય આપતી રહી. પછી સંસ્થા જ તેના જીવન ઘડતરમાં સર્વસ્વ બની ગઈ. મૅટ્રિક પાસ થઈ. પી.ટી.સી.નો અભ્યાસ પૂરો કરીને નોકરી માટે તૈયાર થયો ત્યાં દ્વારકાની પ્રાથમિક શાળામાં નિમણૂક થઈ. આ શાળા રૂપેણ બંદર ઉપર માછીમારોની વસાહત મધ્યે હતી. બાળકો અનિયમિત મન ફાવે ત્યારે આવે અને મન ફાવે ત્યારે શાળાએ પણ જાય. બધા માછીમારો દારૂડિયા એટલે બાળકોમાં કેવા સંસ્કાર હોય? તે સમજવા જેવું છે. શાળામાં બે રૂમ, સાત ધોરણ, ત્રણ શિક્ષકો અને કુલ ૧૭૦ સંખ્યા. રમેશે શિક્ષક મટી આચાર્ય તરીકે ૧૯૯૮માં ચાર્જ સંભાળ્યો. ૨૦૦૧માં ધરતીકંપ થયો. શાળા જમીનદોસ્ત થઈ ગઈ. હવે કરવું શું?

ગામથી દૂર ખુલ્લા ખેતરમાં સરકારે નવી શાળા બંધાવી આપી. તે સંજોગોમાં રમેશની પત્ની નગરપાલિકાની સભ્ય બની. સમાજમાં પ્રસિદ્ધિ વધતા નવી શાળામાં લાઈટ, પાણીની સુવિધા ઝડપથી થઈ. કમ્પ્યૂટર શિક્ષણમાં વિશેષ રસ પેદા થયો. બાળકોના સહકારથી શાળાના ખુલ્લા મેદાનમાં વૃક્ષારોપણ થયું. સમય જતાં વૃક્ષોના છાંયડામાં ભણતા જોઈને વાલીઓએ પોતાની પ્રસન્નતા જાહેર કરી.

૨૦૦૯માં એટલે કે ૧૧ વર્ષમાં શાળાની સંખ્યા ૮૦૦ થઈ ગઈ. રમેશે કન્યા કેળવણી પર વિશેષ ધ્યાન આપ્યું. તેથી કન્યાઓનો વધારો થવા લાગ્યો. કન્યાઓને પોતાના ખર્ચે સાઈકલ લઈ આપી. બાળકો વિજ્ઞાનમેળામાં ભાગ લેતા થયા. શ્રેષ્ઠ કૃતિઓમાં નંબર લાવતા થયા. રમત-ગમતમાં પણ કાઠું કાઢ્યું હોવાથી કામનો સાચો આનંદ મળવા લાગ્યો. રમેશની પ્રેરણા મૂર્તિ તાઈ રહ્યા એટલે રમેશ લખે છે : ''બધા કાર્યોની સફળતામાં પૂ. તાઈના આશીર્વાદે જ કામ કર્યું છે. સ્વપ્રયત્ને આગળ વધવાનું પ્રેરકબળ તાઈ જ છે. તેમના આશીર્વાદ થકી દ્વારકામાં સ્વમાનભેર પ્રતિષ્ઠાપૂર્વક જીવી રહ્યો છું. ગામે પણ મને માન-સન્માન ખૂબ આપ્યું.'' સંતાનમાં એક પુત્ર છે. સુશીલ પત્ની મળી છે તેનો રમેશને જીવનમાં આનંદ છે, સંતોષ છે. શાંતા થકી શાંતિ પણ છે.

# પાયાનું શિક્ષણ : વિચાર કરવાનું શિક્ષણ

- હરેશ ધોળકિયા

આમ તો શિક્ષકે અભ્યાસક્રમમાં નક્કી કરેલ વિષયોનું અને તે વિષયોના મુદ્દાઓનું જ શિક્ષણ આપવાનું હોય છે. પણ આ બધા વિષયોનું શિક્ષણ આપતી વેળા તેણે કેટલાક પાયાના મુદ્દાઓનું શિક્ષણ પણ તેની સાથે આપવાનું છે. વિષયો તો માધ્યમ છે. ભણ્યા પછી, સંભવ છે, તે વિદ્યાર્થીને મોટો થયા પછી ઉપયોગમાં ન પણ આવે, પણ તે દરમિયાન પાયાના મુદ્દા શીખવ્યા હશે તો તે જીવનમાં ડગલે ને પગલે ઉપયોગી થશે અને વિદ્યાર્થી પુખ્ત થયા પછી પણ સ્વસ્થ રહેશે અને સમાજને પણ ઉપયોગી રહેશે.

આ પાયાના મુદ્દાઓમાં પણ પ્રથમ અને સૌથી મહત્ત્વનો મુદ્દો છે ''વિચારનું શિક્ષણ.''

વિચારનું શિક્ષણ એટલે સ્વસ્થ રીતે વિચાર કેમ કરવો તેની પદ્ધતિ શીખવવી.

મોટા ભાગના સમાજો વિચાર કરવાને બહુ મહત્ત્વ આપતા નથી. વ્યક્તિ પરંપરાઓ અને રૂઢિઓને અનુકૂળ જીવે તે જ ઈચ્છે છે. તેના કારણે સમાજ તટસ્થતાથી વિચારી શકતો નથી. આ મુદ્દો સમાજના વિકાસમાં નડતરરૂપ બને છે અને સમાજ સતત પછાત રહે છે. જે સમાજમાં વિચાર કરવાને મહત્ત્વ અપાય છે તે સમાજ જ પ્રગતિ કરે છે.

**વિચાર કરવો એટલે શું?**

માણસ મોટા ભાગે લાગણીશીલ પ્રાણી છે. બધી જ બાબતો વિશે તે લાગણીથી નિર્ણયો લે છે. લાગણી બહુ મહત્ત્વની બાબત છે, પણ નિર્ણયો તો વિચારથી લેવાય તે જરૂરી છે. લાગણીમાં પક્ષપાત થવાનો સંભવ રહે છે, પણ વિચાર હંમેશાં તટસ્થ હોય છે. એટલે વ્યક્તિ તટસ્થાપૂર્વક વિચાર કરતાં શીખે તે ખૂબ જ જરૂરી છે.

**તટસ્થતા એટલે શું?**

તટસ્થતા એટલે કોઈનો પણ પક્ષ લીધા વિના, કોઈ પણ પક્ષ તરફ ઢળ્યા વિના નિર્ણય લેવો તે. મોટા ભાગે માણસ કુટુંબ કે જ્ઞાતિ કે ધર્મ કે રાષ્ટ્ર તરફ વધારે પડતો ઢળેલો હોય છે. તેને એવું જ શીખવવામાં આવ્યું હોય છે પોતાનું જ કુટુંબ, પોતાની જ જ્ઞાતિ કે ધર્મ જ શ્રેષ્ઠ છે તેવું તેને કુટુંબમાં કે સમાજમાં શીખવવામાં આવે છે. જ્ઞાતિ કે ધર્મ પ્રત્યે લાગણી કે વફાદારી હોવી એક બાબત છે, પણ માત્ર તે જ શ્રેષ્ઠ છે તેમ માનવું જોખમી છે. તે સંકુચિત વિચાર છે. આવા સંકુચિત વિચારથી સમાજમાં અન્ય જ્ઞાતિ કે ધર્મ પ્રત્યે પૂર્વગ્રહ ઊભા થાય છે. તેમાંથી ક્યારેક ધિક્કારની લાગણી પણ જન્મે છે. તેમાંથી જ ઝનૂન પ્રગટે છે જે પરસ્પર રાગદ્વેષ ઊભા કરે છે અને ભવિષ્યમાં કોમવાદ કે ધર્મઝનૂન જન્માવે છે. જે પણ સમય જતાં ઝઘડાથી લઈ યુદ્ધ સુધી પહોંચે છે. સદીઓથી વિશ્વ જે લડાઈઓ, ઝઘડા કે યુદ્ધોના કારણે હેરાન અને અસ્વસ્થ છે તેનું કારણ આ સંકુચિત વિચારસરણીઓ છે. જ્ઞાતિ,

જાતિ, ધર્મ, રંગ, પ્રદેશવાદ, રાષ્ટ્રવાદ - આ બધાં ઝનૂનો સમગ્ર વિશ્વને સતત ત્રાસ આપે છે જે પ્રગતિને હાનિરૂપ બને છે. આજે પણ.

એટલે ''તટસ્થતાથી વિચાર કરવાનું શિક્ષણ'' અતિ મહત્ત્વનું બને છે. કોઈનો પણ પક્ષ લીધા વિના, વિવેકપૂર્વક, તટસ્થતાથી અને નિષ્પક્ષતાથી વિચાર કરવો બહુ જ મહત્વનો છે. આવો વિચાર જ સમતોલ હશે. તે સ્વસ્થ નિર્ણય જ લેવા પ્રેરશે. તે જ મન અને બુદ્ધિને સમત્વમાં રાખશે. સાચા અને ન્યાયી નિર્ણયો લેવા પ્રેરશે.

એટલે કોઈ પણ વિષય શીખવવા સમયે તે વિષયને કેમ તટસ્થતાથી જોઈ શકાય તે શીખવવું પડશે. અરે, સમાજમાં દરરોજ બનતા બનાવોનું પણ તટસ્થતાથી કેમ વિશ્લેષણ કરવું તે પણ આ દરમિયાન શીખવવાનું છે.

વિદ્યાથીઓને હમેશ કહેવાનું છે કે ક્યારે પણ વગર વિચાર્યે કશું જ માની ન લેવું. દરેકે દરેક વિચારને વિવેકના ત્રાજવે તોળી, તેને સર્વાંગ રીતે તપાસી પછી જ નિર્ણય લેવાનો છે. દરેકે દરેક બાબતમાં આ પ્રક્રિયા શીખવવાની છે.

વિદ્યાર્થીને કોઈ વિષયમાં કદાચે બે ગુણ ઓછા આવશે તો ચાલશે, પણ જો તેને સ્વસ્થ વિચાર કરતાં નહીં આવડે તો તેને નુકસાન જશે. સમાજને પણ.

## જાગૃતિનું શિક્ષણ

વિચારનું શિક્ષણ ત્યારે સફળ થાય જ્યારે સમાંતરે વિદ્યાર્થીને ''જાગૃતિનું શિક્ષણ'' આપવામાં આવે.

**''જાગૃતિ'' એટલે શું?**

મનુષ્ય મોટા ભાગે લગભગ બધાં જ કાર્યો કે વિચારો અભાન રીતે કરે છે. જ્યારે પણ તે કોઈ કામ કે વિચાર કરે છે, ત્યારે તેનાં બધાં જ પાસાંનો વિચાર નથી કરતો. મનુષ્ય બાળપણથી જ અનેક ખ્યાલો, પૂર્વગ્રહો, ભ્રમણાઓમાં મોટો થાય છે. સમાજ તેને અનેક ખોટા ખ્યાલો કે માન્યતાઓ આપે છે. અને, આગળ કહ્યું તેમ, તેને વિચારતાં શીખવવામાં આવતું ન હોવાથી શું સાચું શું ખોટું તેનો તેને ખ્યાલ આવતો નથી. એટલે તે ખ્યાલો વગેરેથી દોરવાઈ જાય છે અને નિર્ણય લઈ લે છે. આવા નિર્ણયો ઘણી વાર ખોટા ઠરે છે જે તેને નુકસાન કરે છે.

આ બધા નિર્ણયો વિચાર્યા વિના જ, અભાન રીતે, અજાગૃત રીતે લેવાતા હોય છે. તે સમાજને સતત નુકસાન કરતા રહે છે.

આવા બધા જ નિર્ણયો જાગૃતિપૂર્વક લેવાના છે. જાગૃતિપૂર્વક એટલે જ્યારે પણ વિચાર કે નિર્ણય લેવાનો પ્રસંગ આવે ત્યારે સજાગ રીતે મનને તપાસવાનું કે આ વિચાર કે નિર્ણય લેતી વખતે કોઈ ખોટા ખ્યાલ કે પૂર્વગ્રહના આધારે તો તે નથી લેવાતો ને?

દાખલા તરીકે વિકાસ કરવાનો કોઈ પ્રસંગ આવે ત્યારે માત્ર પોતાની જ જ્ઞાતિને કે ધર્મને કે વિસ્તારને જ કે કોઈ સગાને જ તેનો લાભ મળે એવો જો વિચાર આવે અને તેના આધારે નિર્ણય લેવાઈ જાય, તો આ નિર્ણય અજાગૃત રીતે લેવાયો છે એમ મનાય. તેનાથી વિકાસ એકાંગી થઈ જવાનો. કોઈને કામ સોંપવું હોય તો પણ જો તે નિર્ણય આસક્તિના આધારે લેવાય તો પણ નુકસાન જ જવાનું. સાચા માણસને કામ નહીં મળે અને તે કામ યોગ્ય રીતે નહીં થાય.

માત્ર અજાગૃત મન જ ખોટા વિચાર કે ખોટા નિર્ણયો લે છે.

અને માત્ર વિચાર કે નિર્ણય બાબતમાં જ નહીં, દરેક બાબતમાં જાગૃતિ કેળવવાની છે.

દાખલા તરીકે ભોજન લેવા બેસાય ત્યારે સંભવ છે પોતાને ખૂબ ભાવતી વાનગી હોય. ત્યારે જો જાગૃત રીતે નહીં વર્તાય, તો જરૂર કરતાં વધારે ભોજન લઈ લેવાશે જે આરોગ્યને હાનિકારક થશે. ડાયાબિટીસમાં ખાંડ લેવાની મનાઈ હોય અને છતાં મીઠાઈ ખવાય, તો રોગ વધી જશે અને શરીરને નુકસાન કરશે. આરામ કરવાની પળે બિનજરૂરી વિચારો આવ્યા કરશે તો સ્વસ્થ ઊંઘ નહીં આવે અને થાક લાગશે જે કામની ગુણવત્તાને અસર કરશે. આજે મોબાઈલ જે રીતે સમસ્યાજનક બન્યો છે તે પણ જાગૃતિના અભાવનું જ પરિણામ છે. મોબાઈલનો ઉપયોગ કરવાનો છે. તેના ગુલામ નથી બનવાનું. બધા જ સંબંધો જાળવવાના છે, પણ તેને આસક્તિમાં કે ગુલામીમાં ફેરવી નથી નાખવાના.

જાગૃતિનું શિક્ષણ કહે છે કે પળેપળ દરેક બાબતમાં જાગૃતિપૂર્વક જીવવાનું છે. જ્યાં પણ અસમતુલા જોવા મળે કે તેનો અનુભવ થાય, ત્યાં તરત જાગૃત થઈ જવાનું છે અને સમત્વપૂર્વક વિચાર કે વર્તન કરવાનું છે.

વિચાર કરવાનું શિક્ષણ આપતી વેળા જ આ જાગૃતિનું શિક્ષણ પણ આપવાનું છે.

દરેક વિચાર કરવાની શરૂઆતમાં તપાસવાનું છે કે હું તટસ્થ રીતે, કોઈનો પક્ષ લીધા વિના, ન્યાયી રીતે, બધાને લાભ થાય તેવો જ નિર્ણય લઉં છું ને? એ માટે મારામાં પૂરી જાગૃતિ છે ને?

હું જાગૃત છું કે નહીં, તેની પણ જાગૃતિ રાખવાની છે.

## સમગ્રતાનું શિક્ષણ

બધા જ વિષયો શીખવતી વખતે સમાંતરે સમગ્રતાનું શિક્ષણ પણ આપવાનું છે.

સમગ્ર જગતમાં મોટા ભાગે ઘરથી લઈ વિશ્વ સુધી સર્વત્ર ખંડિત શિક્ષણ આપવામાં આવે છે. દરેક બાબતને અલગ અલગ રીતે જોતાં અને તે જ રીતે તેનું મૂલ્યાંકન કરતાં શીખવવામાં આવે છે. આ કારણે સમગ્ર જગતને સમગ્રતાથી જોવા બદલે ખંડિત રીતે જોવામાં આવે છે.

દાખલા તરીકે આજે ''ક્લાઈમેટ ચેન્જ''ની વિકરાળ સમસ્યા વિશ્વ સામે ઊભી થઈ જાય છે. શું કારણ છે તેનું? ખંડિત ચિંતન.

**ખંડિત ચિંતન એટલે શું?**

જગતમાં જે ગરમી વધતી જાય છે તેનું કારણ અમર્યાદિત ઔદ્યોગીકરણ છે. આ ઔદ્યોગીકરણના કારણે ખૂબ જ કાર્બન ઉત્પન્ન થાય છે જે વાતાવરણને ગરમ કરે છે. પરિણામે પર્યાવરણ અસમતુલિત થઈ જાય છે. આજે ચારે બાજુ વરસાદ, વાવાઝોડાં, ભૂસ્ખલન, દુકાળ, પૂર, અતિશય ગરમી કે ઠંડી વગેરે ઘટનાઓ સતત જોવા મળે છે. તેનાથી અગણિત નુકસાન થાય છે. લોકોના જાન જોખમમાં મૂકાય છે. વાતાવરણમાં સતત પલટા આવવાથી નવા નવા રોગો ઉત્પન્ન થાય છે જે પ્રજાનું સ્વાસ્થ્ય બગાડે છે. બધા સુખો વચ્ચે લોકો તો અસ્વસ્થ જ રહે છે.

હવે આનો ઉપાય છે સમતુલિત વિકાસ. તે કરવો હોય તો સમતુલિત જીવનશૈલી અપનાવવી પડે. પણ આજે મૂડીવાદ એટલો તો

વકરી ગયો છે કે હવે સાદાઈ તરફ પાછા વળવું અશક્ય બની ગયું છે. સમગ્ર જગત આ હેરાનગતિ અનુભવે છે, પણ કોઈને સાદાઈ વગેરે તરફ જવું જ નથી. એટલે ઔદ્યોગીકરણ અટકાવી શકે તેમ નથી. બધા દેશોને બીજા દેશો કરતાં આગળ રહેવું છે. માટે ઔદ્યોગીકરણ અટકાવતા નથી. દરેક પોતાનો જ વિચાર કરે છે. તેથી સમગ્ર ચિંતન થતું નથી. માટે સમસ્યા ચાલુ જ રહે છે. કદાચ વધતી જાય છે.

શિક્ષણમાં પણ આ સમસ્યા જોવા મળે છે. હવે માતા-પિતાઓ પોતાનાં બાળકો મેડિકલ કે ઈજનેરી કે મેનેજમેન્ટ જેવા અભ્યાસક્રમોમાં જ જાય એવો આગ્રહ રાખે છે. એટલે બાળપણથી જ ગણિત અને વિજ્ઞાન તરફ જ બાળક ધ્યાન રાખે તેવા પ્રયાસ કરે છે. સતત તેનાં ટ્યુશન રાખે છે. પરિણામે બાળક આખો દિવસ તેના પાછળ જ વ્યસ્ત રહે છે. આ આગ્રહ કહે છે કે બાકીના વિષયો મહત્વના નથી. પરિણામે ભાષાઓ કે સામાજિકવિજ્ઞાન જેવા વિષયોની ઉપેક્ષા થાય છે. અરે, બાળપણમાં જેની તાતી જરૂર હોય છે તે રમતગમત પણ અવગણાય છે. બાળક, બસ, ભણ્યા જ કરે છે. બેઠું જ રહે છે. એક જ બાબતના વિચારો કર્યા કરે છે. પરિણામે તે એકાંગી થઈ જાય છે. બહાર ફરવું, રમવું, કુદરત જોવી, સંબંધો કેળવવા, મિત્રો બનાવવા વગેરે બાબતોમાં રસ નથી લેતું. પરિણામે તે એકલવાયું બની રહે છે. આ બધું તેના શરીર અને મન પર અસર કરે છે અને બાળકનું વ્યક્તિત્વ ખંડિત થઈ જાય છે. આ જ બાબત સમાજમાં પણ બને છે. સમાજ જ્યાંથી પૈસા વધારે મળે તે વ્યવસાયને જ માન આપે છે. એટલે મેડિકલ કે ઈજનેરી એ અધિકારી થવું જેવા વ્યવસાયોને જ માન આપે છે. સમાંતરે આ વ્યવસાયના લોકો પણ ગુરુતાગ્રંથિથી પીડાય છે. પોતા વિના સમાજને નહીં ચાલે એમ માની લે છે. સમાજના સ્પષ્ટ બે વિભાગો પડી જાય છે. આમાંથી શોષક અને શોષિત લોકો ઊભા થાય છે. સમાજ અસમતુલિત બની જાય છે.

આની અસર કળા અને વિજ્ઞાન પર પડે છે. બાળકો સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ધ્યાન નથી આપતાં. સંગીત, ચિત્ર, નૃત્ય વગેરે નથી શખતાં. માત્ર ભણ ભણ કર્યા કરે છે. એટલે પણ એકાંગી બને છે. ખુદ વિજ્ઞાનમાં પણ માત્ર ગોખણપટ્ટી કરે છે. વૈજ્ઞાનિક રીતે કેમ વિચારવું તે નથી શીખતાં. પરિણામે વ્યવહારમાં વિજ્ઞાન કામ નથી આવતું.

આ બધું ખંડિત ચિંતન છે. એટલે સમગ્રતાનું શિક્ષણ આપવાની જરૂર છે. બધા વિષયો સમાન મહત્ત્વના છે. અનેક વિષયોમાં રસ લેવાનો છે. શરીર-મન-બુદ્ધિ બધાંને કેળવવાનાં છે. સમગ્ર વિશ્વના કલ્યાણનો વિચાર કરવાનો છે. તે શક્ય બનશે તો જ વિશ્વ સ્વસ્થ રહેશે અને વિકાસ પણ ટકાઉ રહેશે.

અને તે કેવળ સમગ્રતાનું શિક્ષણ અપાય તો જ શક્ય બને છે.

### જિજ્ઞાસાનું શિક્ષણ

બાળકના મનનો પાયો છે જિજ્ઞાસા. સમગ્ર જીવનમાં બાળપણમાં જેટલી જિજ્ઞાસા હોય છે, તેટલી બાકીની ઉંમરોમાં નથી હોતી. બાળકનું મન તદન નિર્દોષ હોય છે. શુદ્ધ હોય છે. તેને

બધું જ જાણવું હોય છે. તેને બધા જ અનુભવો લેવા હોય છે. એટલે તે માતા, પિતા, શિક્ષકોને કે વડીલોને સતત પ્રશ્નો પૂછ્યા કરે છે. શરૂઆતમાં તો તેને જવાબ ન મળે તો પણ તે નિરાશ થતું નથી. એ જ સવાલ તે બીજાઓને પૂછે છે. પણ જેમ જેમ મોટું થતું જાય છે અને પછી જ્યારે તેની જિજ્ઞાસાના જવાબો નથી મળતા કે જવાબ બદલે તેની જિજ્ઞાસાને દબાવવાના પ્રયાસ કરાય છે, ત્યારે તે નિરાશ થતું જાય છે.

બાળકની જિજ્ઞાસાને દબાવવી એ ભયાનક ગુનો કહી શકાય છે. તેમાં પણ જો શાળામાં અને શિક્ષક દ્વારા આ કૃત્ય કરાય, તો તો બહુ મોટો ગુનો ગણી શકાય. શિક્ષકનું મુખ્ય કામ અભ્યાસક્રમ પૂરો કરવાનું નથી. તે તો અનિવાર્ય છે, પણ મુખ્ય કામ તો તેના માધ્યમથી વિદ્યાર્થીની જિજ્ઞાસાને સતત ઉદિપ્ત કરતા રહેવાનું છે.

અને માત્ર ભણાવીને જ જિજ્ઞાસા ઉદિપ્ત કરવાની નથી. બીજા માધ્યમોથી પણ તેને સંકોરતા રહેવાનું છે.

- શાળાની પ્રાર્થનાસભામાં દરરોજ નવા નવા વિષયો  પર માહિતી આપતા રહેવાનું છે. દરેક વિષયના શિક્ષક પાઠ્યપુસ્તક બહારની માહિતી આ દ્વારા આપી શકે છે.
- પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓને કળા, વિજ્ઞાન, સામાજિક વિષયો, સાહિત્ય વિષયક જૂની તથા અદ્યતન માહિતી આપતા રહેવાનું છે.
- પ્રાર્થનાસભામાં જુદા જુદા વિષયોના નિષ્ણાતોને બોલાવી પ્રવચન યોજવાં જોઈએ.
- વિદ્યાર્થીઓને પણ નવા નવા વિષયો સોંપી પ્રાર્થનાસભામાં બોલવા ઉત્તેજન આપવાનું છે.
- શાળામાં પ્રશ્નપેટી મૂકી તેમાં સવાલો મૂકવા પ્રેરવા અને પ્રાર્થનાસભામાં તેના જવાબ આપવા.
- શાળામાં રહેલ બુલેટીન બોર્ડ પર સતત નવી અને અદ્યતન માહિતી મૂકતા રહેવાનું છે.
- બુલેટીન બોર્ડ પર વિદ્યાર્થીઓનાં સર્જન-ચિત્રો, ફોટા, કાવ્યો વગેરે - મૂકતા રહેવાનાં છે.
- વર્ગમાં પણ વારંવાર વિદ્યાર્થીઓને વિવિધ વિષયો પર બોલવા પ્રેરવાના છે.
- વિદ્યાર્થીઓને શહેર કે ગામનાં જાણીતાં સ્થળોએ લઈ જઈ તેની માહિતી આપવાની છે.
- નાના મોટા પ્રવાસો યોજી વિદ્યાર્થીઓની જિજ્ઞાસાને સંતોષી શકાય.
- વર્ગમાં પણ વિદ્યાર્થીઓને સતત સવાલો કરવાની ટેવ પાડવામાં આવે તો તેઓ વધારે જિજ્ઞાસુ થશે.
- ક્વીઝ હરિફાઈઓ ગોઠવી શકાય.
- શાળામાં સામાન્ય જ્ઞાનની હરિફાઈ કે પરીક્ષાઓનું આયોજન કરી શકાય.
- વિદ્યાર્થીઓને અન્ય સ્થળોએ યોજાતી હરિફાઈઓમાં ભાગ લેવા પ્રેરી શકાય.
- વિદ્યાર્થીઓમાં વાચનનો શોખ કેળવાય તે માટે શિક્ષકે ખાસ રસ લેવાનો છે અને તેમને વાંચતા કરવાના છે. તેમાં જે ન સમજાય તે બાબતે પૂછવા પણ પ્રેરવાના છે.
- ઈન્ટરનેટ પર નવી નવી વેબસાઈટો બતાવી તેમાં રહેલ મુદ્દાઓ શીખવા અને તે બાબતે સવાલો પૂછવા પ્રેરવાના છે.
- શાળા અને વર્ગની ભીંતો પર ઉત્તમ ચિત્રો કે ફોટા મૂકવા જોઈએ અને તે બાબતે વિદ્યાર્થીઓને માહિતી મેળવવા પ્રેરવા.

આવા તો અનેક પ્રયોગો શાળામાં કરી શકાય જેનાથી વિદ્યાર્થી સતત જિજ્ઞાસુ રહે અને જ્ઞાન તરફ ઢળે. વિદ્યાર્થીની જિજ્ઞાસામાં એક પળ પણ ઝાંખપ ન આવે તેનું શિક્ષકે પળેપળ ધ્યાન રાખવાનું છે.

**કરૂણાનું શિક્ષણ**

શાળાઓમાં મોટા ભાગે બૌદ્ધિક પ્રવૃત્તિઓ પર વધારે ધ્યાન અપાય છે. પરિણામે વિદ્યાર્થી એકાંગી બની જાય છે. તેનું સમગ્ર ચિંતન સૈદ્ધાંતિક બની રહે છે. તે સમાજ સાથે જોડાઈ શકતા નથી.

વિદ્યાર્થીને સમાજ સાથે પણ જોડવાનો છે. અને તેનો સર્વોત્તમ ઉપાય છે ''સમાજ વચ્ચે જઈ પ્રવૃત્તિઓ કરવી.''

કેવળ બૌદ્ધિક વિકાસ વિદ્યાર્થીને શુષ્ક બનાવે છે. આખરે તો વિદ્યાર્થીએ મોટા થઈ સમાજમાં જવાનું છે. સમાજને ઉપયોગી બનવાનું છે.

આ માટે વિદ્યાર્થીમાં સંવેદનશીલતા કેળવાય તે બહુ જરૂરી છે. બાળપણથી જ ગરીબો, વંચિતો, હાંસિયામાં રહેનારા કે ફૂટપાથ પર રહેનારાઓ પ્રત્યે સંવેદનશીલતા કેળવાવી જોઈએ.

શાળામાં સામાન્ય શિક્ષણ આપતી વેળા શિક્ષકે આ બાબત પર પણ સતત ધ્યાન આપતા રહેવાનું છે.

આ માટે આવી પ્રવૃત્તિઓ કરી શકાય :

- પાઠ્યક્રમમાં આવતા મહાન લોકોનાં કાર્યોનો વિસ્તૃત પરિચય આપવાનો છે. ખાસ કરી જેમણે સમાજ માટે કામ કર્યું છે તેમના પર વિસ્તૃત ચર્ચા કરવાની છે. તેમાં ભગવાન બુદ્ધ, ઈશુ ખ્રિસ્ત, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધી વગેરે આવી શકે.
- વર્ગમાં પણ કોઈ જરૂરતમંદ વિદ્યાર્થી હોય તેને વર્ગના જ બધા વિદ્યાર્થીઓ સાથે મળી તેને મદદરૂપ બને તે માટે સંવેદનશીલ બનાવવાના છે.
- સમયાંતરે વિદ્યાર્થીઓને અંધશાળા, અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ, વિધવાશ્રમ જેવાં સ્થળોએ લઈ જઈ તેમની સમસ્યાઓ પ્રત્યે સભાન કરવાના છે અને તેના કયા ઉપાયો હોઈ શકે તે ચર્ચા કરવાની છે.
- જગતમાં ક્યાંય હિંસા, કુદરતી આફતો, અકસ્માતો થાય ત્યારે શું નુકસાન થાય તેની માહિતી આપતી વેળા વિદ્યાર્થીઓ શું મદદ કરી શકે તે કહેવાનું છે. જરૂર પડ્યે તે માટે ફાળો ઉઘરાવવાનો છે.
- વિદ્યાર્થીને એ પણ સૂચવવાનું છે ખુદ તેમના કુટુંબમાં કે આસપાસના ઘરોમાં કોઈ જરૂરતમંદ વ્યક્તિ હોય તેને પણ મદદરૂપ થઈ શકાય છે.
- વિદ્યાર્થીઓને હોસ્પિટલમાં મુલાકાતે લઈ જવાના છે. ત્યાં દર્દીઓ સાથે વાતચીત કરાવી તેમની સમસ્યાઓ સમજવાનો પ્રયાસ કરાવવાનો છે.
- વિદ્યાર્થીઓ રસ્તામાં જતા હોય અને કોઈ અકસ્માત જુએ તો તરત મદદ કરવા તૈયાર થાય તેવું કહેવાનું છે.
- રસ્તામાં જતા હોય ત્યારે કોઈ વૃદ્ધ કે અંધ વ્યક્તિને રસ્તો પાર કરાવવામાં પણ મદદરૂપ થઈ શકાય તેમ કહેવાનું છે.
- દેશ કે જગતમાં સેવા માટે કામ કરતી સંસ્થાઓના કાર્યોની માહિતી આપવાની છે. સ્થાનિક હોય તો તેની મુલાકાત લેવી.

સેવા કરવા માટે ચારે બાજુ અઢળક તકો છે. તે બાબતે વિદ્યાર્થીઓને સતત પ્રેરતા રહેવાનું છે.

# વર્તમાન યુદ્ધનું વિનાશક શસ્ત્ર : ભૂખમરો

- કુમારપાળ દેસાઈ

વિશ્વમાં બે વર્ષથી વધુ સમય સુધી યુદ્ધ ચાલી રહ્યા છે. માનવજાતે વર્ષોથી યુદ્ધ કર્યા છે. યુદ્ધના નિયમો કાળક્રમે બદલાતા રહ્યા છે. પણ હવે આપણે એવા યુગમાં પ્રવેશી રહ્યા છીએ જ્યાં યુદ્ધના નિમ્ન સ્તરે અને તમામ મર્યાદા વટાવી ચૂક્યા છે. બીજા વિશ્વયુદ્ધ સુધી રેડક્રોસ - હૉસ્પિટલને, શાળાઓને યુદ્ધથી શક્ય હોય ત્યાં સુધી સંરક્ષિત રાખવાનો પ્રયત્ન થતો. હવેના યોદ્ધોએ બાળકો - સ્ત્રીઓ અને વૃદ્ધોને પણ છોડ્યા નથી. તે માનવજાત માટે શરમજનક છે. અહીં પ્રસ્તુત લેખમાં આ દારૂણ સ્થિતિની વાત શ્રી કુમારપાળ ભાઈએ લખી છે. કોઈપણ સંવેદનશીલ વ્યક્તિની આંખમાં આંસુ આવે તેવી પરિસ્થિતિ છે. આપણે સૌ આ રાક્ષસી તાકાત સામે લાચાર છીએ. તે મોટી કરૂણતા છે.

**- તંત્રી**

ગાઝાના કમલ અડવાન હૉસ્પિટલમાં કુપોષિત માતાએ ૨૪મી ફેબ્રુઆરીએ પુત્રને જન્મ આપ્યો અને થોડા જ કલાકમાં એ શિશુપુત્ર અબ્દેલઝીઝનું મૃત્યુ થયું. અબ્દેલઝીઝ પ્રિ-મચ્યોર બાળક હતો. એને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. હૉસ્પિટલના સ્ટાફે એને વેન્ટિલેટર પર રાખ્યો હતો, પરંતુ હૉસ્પિટલમાં જરૂરી બળતણ સમાપ્ત થતાં વેન્ટિલેટર બંધ થઈ ગયું અને અબ્દેલઝીઝનું તરત જ મૃત્યુ થયું.

બીજી માર્ચે ગાઝામાં બનેલી એક ઘટનામાં જોડિયાં બાળકીઓનો જન્મ થયો અને બે બાળકીઓમાંથી એક જૌદ એના જન્મના આઠ દિવસ પછી કુપોષણને કારણે મૃત્યુ પામી. એના પિતાએ કહ્યું, ‘આ છોકરીઓના જન્મ પહેલાં એ એના પરિવારને ભોજન આપવા માટે ભારે સંઘર્ષ કરતો હતો, પરંતુ તેઓ પાસે ખાવા માટે માત્ર માંસ અને પ્રોટીન વિનાની બ્રેડ હતી.’ એમણે કહ્યું કે, ‘જોડિયાં બાળકીઓના જન્મ પછી એની પત્ની છોકરીઓને સ્તનપાન કરાવવા માટે દૂધ પેદા કરી શકતી નહોતી અને સ્ટોરમાંથી ખરીદેલું દૂધ દુર્લભ હતું. આથી બાલિકા જૌદની સ્થિતિ સતત કથળતી ગઈ, એનાં અંગો ઠંડાં પડતાં ગયાં. એ ધીરે ધીરે શ્વાસ લઈ રહી હતી અને તેનું અવસાન થયું.’ જોડિયા બાળકીઓના પિતાને હવે બચી ગયેલી બીજી બાળકીના સ્વાસ્થ્ય માટે ચિંતા છે.

બાર વર્ષની મઝિઓનાનાં ઘર પર બે રૉકેટ ત્રાટક્યાં, ત્યારે એમ માનવામાં આવતું હતું કે તે મૃત્યુ પામી હશે. એની મોટી બહેન તેર વર્ષીય હાલા અને દસ વર્ષનો નાનો ભાઈ મોહમ્મદ માર્યાં ગયાં હતાં. મઝિઓનાના ચહેરા પર વિનાશક ઈજાઓ થઈ હતી. એનો ચહેરો લગભગ ફાટી ગયો હતો, સર્જનોએ બાકીની શરીરરચનાને એકસાથે પકડી રાખી હતી, પરંતુ વિશેષ સારવાર અને હાડકાંની શસ્ત્રક્રિયા માટે એને મેડવેકની હૉસ્પિટલમાં લઈ જવી પડે તેમ હતી, પરંતુ એ શક્ય બન્યું નહીં. હજી મઝિઓનાના ગળામાં ધાતુની કરચો છે અને એનાથી એ અત્યંત પીડાઈ રહી છે. એના ચહેરાને ફરીથી બનાવવા માટે વપરાયેલું પ્લેટિનમ બહાર આવી રહ્યું છે. એને ગાઝાની

બહાર શસ્ત્રક્રિયા માટે લઈ જવાની જરૂર હતી, પરંતુ એની એ વિનંતીને ફગાવી દેવામાં આવી.

અલ નુસિરાતમાં એના ઘરમાં માતા-પિતા અને ભાઈ-બહેનો સાથે સૂતેલી ચાર વર્ષની એલિયાના ઘરની નજીક પડોશીના ઘર પર એક સેલ પડ્યો, જેને કારણે એના ઘરને આગ ઘેરી વળી. એલિયા ચાર ડિગ્રી સુધી બળી ગઈ છે, એનો પગ કાપી નાખવામાં આવ્યો છે અને તાજેતરમાં એના જમણા હાથની આંગળીઓ પણ કાપી નાખવામાં આવી છે. ૪૩ દિવસથી એલિયા હૉસ્પિટલમાં છે. જ્યારે એલિયાની માતા બાજુની પથારીમાં દાઝેલા શરીર સાથે પડી છે. એના ઘા ફૂગથી ઢંકાયેલા છે, એનું લોહી ઝેર ન બને તે માટે તાત્કાલિક સ્થળાંતર કરીને બીજી હૉસ્પિટલમાં જવાની જરૂર છે, પરંતુ એનો ઈન્કાર કરવામાં આવ્યો અને એની માતાનું મૃત્યુ થયું. હવે ડૉક્ટરોને ભય છે કે એલિયાના આખા હાથને કાપી નાખવો પડશે અને જો એને અન્ય હૉસ્પિટલમાં લઈ જવામાં નહીં આવે તો બીજો પગ પણ કાપી નાખશે.

પોતાના બીમાર પુત્ર આતેફને હાથમાં લઈને એની માતા અમાલ ઘણા લાંબા અંતર સુધી ચાલીને અલ અક્સા હૉસ્પિટલમાં પહોંચી, પણ ત્યાં પુત્રની સારવાર માટે જરૂરી સંસાધનોનો અભાવ હતો. એ ઘેર પાછી જઈ શકે તેમ નહોતી, કારણ કે એનું ઘર ધ્વસ્ત થઈ ગયું હતું. આવી ભયાવહ અને પ્રદૂષિત પરિસ્થિતિમાં માતા અમાલ હૉસ્પિટલની નજીક એક તંબુ બાંધીને રહેવા લાગી. એના એકમાત્ર સંતાનની સ્થિતિ કથળી રહી હતી. સ્થળાંતર માટેની એની વિનંતી સ્વીકારવામાં આવી નહોતી.

આજે ગાઝામાં પ્રવેશ અને એમાંથી બહાર નીકળવાનાં સ્થળો પર ઇઝરાયલનું નિયંત્રણ હોવાથી બીમાર બાળકોની સ્થિતિ તરફ કોઈ ધ્યાન આપતું નથી. ઉદાસીન અમલદારશાહીની પકડમાં ફસાયેલાં બાળકોની પીડા આ નિર્દયતાને કારણે ઘણી વધી જાય છે. આ રીતે ગાઝામાં અને એની આસપાસના વિસ્તારોમાં બાળકોની તબીબી સારવાર માટે ઇન્કાર કરવામાં આવે છે, જે તેઓનો મૂળભૂત માનવઅધિકાર છે. નિર્દય બૉમ્બ ધડાકાથી બચી ગયેલા, એમની ઈજાઓ જાણવા છતાં એમને મૃત્યુ માટે છોડી દેવાય છે. એક અંદાજ પ્રમાણે ગાઝાના ૨.૩ મિલિયન લોકો વર્તમાન યુદ્ધની શરૂઆત પહેલાં ઉપલબ્ધ પાણીના માત્ર ૧.૪ પાણીના જથ્થા સાથે જીવી રહ્યા હતા. આમ પહેલાં સ્વચ્છ પાણી ઓછું હતું, એમાં પણ ઉનાળાના ઊંચા તાપમાન અને ગટરના પાણીના નિકાલમાં ભંગાણ થવાને કારણે પરિસ્થિતિ વણસી રહી છે અને નાનાં બાળકોને દૂર દૂર સુધી પાણી લેવા માટે જવું પડે છે.

બાર વર્ષનો હિયમ નામનો બાળક કહે છે કે, 'હું દરરોજ પાણી ભરી લાવું છું. વજનદાર કૅનને લાંબા અંતર સુધી લઈ જવાથી મારા હાથ દુઃખે છે. શાળાનું આખું વર્ષ ગુમાવ્યું છે, હવે પાણી અને અન્ય પાયાની જરૂરિયાતોની શોધમાં જ દિવસ આખો વીતે છે.' ગાઝાપટ્ટીમાં ઓછામાં ઓછા સત્તર હાજર બાળકો એમનાં માતા-પિતાના સાથ વિના એકલાં જીવી રહ્યાં છે. દરેક બાળક પાસે વેદના અને દુઃખની પોતાની હૃદયદ્રાવક વીતક કથાઓ છે. કોઈએ માતા-પિતા બંને ગુમાવ્યાં છે, તો કોઈએ બેમાંથી એકને ગુમાવ્યાં છે.

યુદ્ધના પહેલા અઠવાડિયામાં જ્યારે બૉમ્બવિસ્ફોટ થયો, ત્યારે ૧૧ વર્ષની રઝાન એના કાકાને ઘેર ગઈ હતી. વિસ્ફોટ પછી

પાછી આવી, ત્યારે જોયું તો એણે માતા-પિતા, ભાઈ અને બંને બહેનોને ગુમાવ્યાં હતાં. ખોરાક, પાણી અને આશ્રયના સંપૂર્ણ અભાવને કારણે આવાં નિરાધાર બાળકોની કોઈ સંભાળ લઈ શકે તેમ નથી. જે કોઈ કુટુંબો છે તે પોતાનાં બાળકો અને પરિવારની સંભાળ માટે આકરો સંઘર્ષ કરી રહ્યાં છે. કેટલાંક બાળકો આઘાતની ઘટનાને ભૂલી શકતાં નથી, કેટલાંક સતત રડ્યાં કરે છે, તો કેટલાંક વિકલાંગ થયાં પછી કોઈ સાથ પામતાં નથી, આધાર અને પુનર્વસનની સેવાઓ એમને મળતી નથી, કેટલાંક ઊંઘી શકતાં નથી અને કેટલાંક બૉમ્બધડાકા સાંભળે ત્યારે ગભરાઈને ઘરના ખૂણામાં લપાઈ જાય છે.

થોડા સમય પહેલાં પાંચ લાખ બાળકોને માનસિક સ્વાસ્થ્ય અને મનોસામાજિક સહાયની ગાઝાપટ્ટીમાં જરૂર હતી, પણ આજે તો એવી સ્થિતિ છે કે તમામ બાળકોને આવી સહાયની જરૂર છે.

આ માનસિક સ્વાસ્થ્ય અને મનોસામાજિક સહાયને પહોંચાડવાનો એકમાત્ર રસ્તો યુદ્ધવિરામ છે. આ બાળકોને આ ભીષણ સંઘર્ષ અને માનવસંહાર સાથે કશી લેવા દેવા નથી, છતાં તેઓ એવી યાતના ભોગવી રહ્યાં છે કે જે કોઈ પણ બાળકને ક્યારેક ભોગવવી ન પડે, પછી તે ગમે તે ધર્મ, ભાષા, જાતિ કે રાષ્ટ્રીયતા ધરાવતું હોય.

૧૯૪૫માં અમેરિકાએ અણુબૉમ્બ ફેંક્યા પછી જે વિનાશ થયો હતો, તેની તુલના ગાઝાપટ્ટીની પરિસ્થિતિ સાથે કરવામાં આવે છે. અમેરિકાએ કરેલા પરમાણુ હુમલાની ૭૯મી વર્ષગાંઠે હિરોશિમાના સ્મારક સ્થળની નજીક પેલેસ્ટાઈન તરફી કાર્યકરો એકઠા થયા હતા અને સવારે ૮.૧૫ વાગ્યે એક ક્ષણનું મૌન પાળ્યું હતું.

એક જમાનામાં આપણે એવી કથાઓ વાંચતા હતા કે કોઈ નગરના કિલ્લાની આસપાસ દુશ્મોનએ ઘેરો ઘાલ્યો અને એ નગરમાં આવતી જરૂરી ચીજવસ્તુઓ અટકાવી દીધી. જ્યારે અહીં તો સારવાર આપતી હૉસ્પિટલ સાધનવિહોણી છે અને વિરોધી સરકાર દ્વારા યુદ્ધનાં શસ્ત્ર તરીકે ભૂખમરાનો ઉપયોગ થાય છે. મોટા ભાગની વસ્તી વિનાશક ભૂખમરો અનુભવે છે અને થોડા સમયમાં દુષ્કાળ આવે એવી દહેશત પણ છે. કુપોષણ અને ડિહાઈડ્રેશનને કારણે હૉસ્પિટલમાં જ બાળકોનું મૃત્યુ થતાં હોય છે. ગાઝામાં સ્વયંસેવક તરીકે કાર્ય કરનાર ડૉક્ટરે એક મુલાકાતમાં એમ કહ્યું કે, 'એક પરિવારનાં માતા-પિતા અને બંને બાળકો ભૂખમરાથી થતા કૉમ્પ્લિકેશનને કારણે મૃત્યુ પામ્યા હતાં.'

કમલ અડવાન હૉસ્પિટલના બાળરોગ વિભાગના વડા ડૉ. હુસમ અબુ સફિયાએ કહ્યું કે, 'ભૂખમરા સંબંધિત કૉમ્પ્લિકેશન અનુભવ્યા પછી ૨૬ બાળકો મૃત્યુ પામ્યાં હતાં અને એમાં ઓછામાં ઓછા સોળ બાળકો પાંચ મહિનાથી ઓછી વયનાં હતાં. કેટલાંક શિશુઓ ડિહાઈડ્રેટેડ જન્મ્યા અને માત્ર બે જ દિવસમાં મૃત્યુ પામ્યાં.'

આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદો યુદ્ધની પદ્ધતિ તરીકે નાગરિકોના ભૂખમરા પર પ્રતિબંધ મૂકે છે, પણ આજે યુદ્ધગ્રસ્ત જગતમાં હિંસાનો આતંક જગાવતા દેશોને ક્યાં એની પરવા છે! આજે તો ક્યાંય વિશ્વશાંતિનો એક સૂર પણ સંભળાતો નથી અને સઘળે માનવતાનો મૃત્યુલેખ વાંચવા મળે છે.

- કુમારપાળ દેસાઈ

(વિશ્વવિહારમાંથી સાભાર)

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**ધોરણ ૯ થી ૧૨નું વિષય માળખું અને પાસિંગ માર્કસ બોર્ડ દ્વારા જાહેર કરાયા.**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે વિષય માળખુ અને પાસિંગ માર્કસની વિગતો જાહેર કરાઈ છે. જેમાં ધોરણ-૧૦ અને ૧૨માં જુદા જુદા જૂથ પ્રમાણે કયા વિષયો ફરજિયાત છે અને કયા વિષયો મરજિયાત છે તેની યાદી અપાઈ છે. મરજિયાત વિષય સંગીતમાં થિયરીમાં ૪૦માંથી ૧૩ અને પ્રૅક્ટિકલમાં ૬૦માંથી ૨૦ માર્કસે પાસ અને ચિત્રમાં થિયરીમાં ૩૦માંથી ૧૦ અને પ્રૅક્ટિકલમાં ૭૦માંથી ૨૩ માર્કસે પાસ ગણાશે. જ્યારે કમ્પ્યૂટર પ્રૅક્ટિકલમાં અને ધોરણ-૧૨ સાયન્સમાં તમામ પ્રૅક્ટિકલ વિષયોમાં ૫૦માંથી ૧૭ માર્કસે વિદ્યાર્થી પાસ ગણાશે.

જ્યારે ધોરણ-૧૦ અને ૧૨માં તમામ થિયરી વિષયોમાં ૧૦૦માંથી કુલ ૩૩ માર્કસે વિદ્યાર્થી પાસ ગણાશે. ધોરણ-૧૦માં વિદ્યાર્થીએ કુલ ૯ પ્રથમ ભાષામાંથી એક ભાષા પસંદ કરવાની હોય છે. અંગ્રેજી માધ્યમની શાળાઓએ ગુજરાતીને દ્વિતીય ભાષા તરીકે પસંદ કરવાની રહેશે. ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષય ફરજિયાત છે.

ધોરણ ૯ થી ૧૨નું વિષય માળખું અને પાસિંગ માર્કસ બોર્ડ દ્વારા જાહેર થવાના કારણે આ અંગે સૌ વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન અને માહિતી મળી રહેશે.

**સીબીએસઈ બોર્ડ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર થયો.**

સીબીએસઈ દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ-૧૨ની આગામી બોર્ડ પરીક્ષા માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે જે મુજબ તારીખ ૧૫ ફેબ્રુઆરીથી પરીક્ષા શરૂ થશે અને ચોથી એપ્રિલ સુધી ચાલશે. પરીક્ષાનો કાર્યક્રમ વહેલા જાહેર થવાથી વિદ્યાર્થીઓ, શાળાઓ, શિક્ષકો અને વાલીઓને તેમના આયોજનમાં ફાયદો થશે. ધોરણ-૧૨ સાયન્સ, આર્ટસ્ અને કોમર્સની બોર્ડ પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીએ શરૂ થશે અને ચોથી એપ્રિલ સુધી ચાલશે. જેમાં કુલ ૪૮ પરીક્ષાઓ લેવાશે. ધોરણ ૧૦ અને ૧૨માં અંદાજે ૩૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષાઓ આપશે.

**ધોરણ ૯ થી ૧૨ના સરકારી શિક્ષકો હવે બે વર્ષની નોકરી બાદ બદલી માટે લાયક :**

રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક-મદદનીશ શિક્ષકોની બદલી માટેના નવા નિયમો જાહેર થયા છે. સરકારના મંત્રીશ્રીએ

કરેલી જાહેરાત મુજબ જે શિક્ષણ સહાયક-મદદનીશ શિક્ષકની ઓછામાં ઓછી બે વર્ષની નોકરી પૂર્ણ થઈ હશે તેઓ જ જિલ્લા ફેરબદલી માટે લાયક થઈ શકશે. અગાઉ પાંચ વર્ષની ફિક્સ પગારની નોકરી બાદ લાભ મળતો હતો. વળી આ બદલીનો લાભ બે જ વાર મળી શકશે. હજુ નિયમો અંગેનો ઠરાવ બાકી છે. પરંતુ સરકાર દ્વારા હાલ જાહેરાત કરી દેવામાં આવી છે.

વધુમાં શિક્ષકોની આ બદલીમાં વિદ્યાર્થીઓની સંખ્યા અને ધોરણ : ૧૦-૧૨ના બોર્ડ પરિણામોના પણ પોઈન્ટ ગણાશે.

**ગુજરાત યુનિવર્સિટી અને નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા વચ્ચે Ph.D. (પીએચ.ડી.) માટે જોડાણ :**

ગુજરાત યુનિવર્સિટી અને દિલ્હી સ્થિત નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા વચ્ચે ડ્રામામાં પીએચ.ડી. પ્રોગ્રામને લઈને જોડાણ કરવામાં આવ્યું છે. નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા દ્વારા આ માટે દરખાસ્ત કરાઈ હતી. જે યુનિવર્સિટી દ્વારા સ્વીકારીને એક્ઝિક્યૂટિવ કાઉન્સિલમાં નિર્ણય પણ કરવામાં આવ્યો હતો. આ જોડાણ અંતર્ગત ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને એનએસડીમાં ટ્રેનિંગનો લાભ મળશે અને એનએસડી સ્ટુડન્ટસ પણ યુનિવર્સિટીમાં આવશે. જ્યારે ભવિષ્યમાં એનએસડીના પીએચ.ડી. પ્રોગ્રામના વિદ્યાર્થીઓ ગુજરાત યુનિવર્સિટી ડિગ્રી આપશે.

**નેશનલ રેન્કિંગ : આઈઆઈટી ગાંધીનગર અને ગુજરાત યુનિવર્સિટીનો ટોપ ૧૦૦માં સમાવેશ થયો :**

કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ રેન્કિંગ રિપોર્ટ જાહેર થયો. જેમાં ગુજરાત યુનિવર્સિટી અને આઈઆઈટી ગાંધીનગર ફરી દેશની ટોપ ૧૦૦ રેન્કમાં ઓવરઓલ કેટેગરી અને યુનિવર્સિટી કેટેગરી એમ બન્નેમાં સ્થાન પામી છે. જ્યારે આ વર્ષે પણ ઓવરઓલ કેટેગરી અને યુનિવર્સિટી કેટેગરી એમ બન્ને કેટેગરીમાં ગુજરાતની એકપણ ખાનગી યુનિવર્સિટી ટોપ-૧૦૦માં નથી.

**સી.એ. ફાઉન્ડેશનનું ૧૯.૬૭ ટકા અને ઈન્ટરમીડિએટનું ૫.૫૬ ટકા પરિણામ :**

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ એકાઉન્ટન્સ ICAI - દ્વારા સી.એ. ફાઉન્ડેશન અને ઈન્ટરમીડિએટનું પરિણામ જાહેર કરાયું છે. જેમાં આ વખતે અમદાવાદ ચેપટરનું પરિણામ ૨૨.૪૧ ટકા આવ્યું છે. જ્યારે ઑલ ઈન્ડિયાનું પરિણામ ૫.૫૬ ટકા અને અમદાવાદ સેન્ટરનું પરિણામ માત્ર ૩.૮૦ ટકા આવ્યું છે.

**આંતરરાષ્ટ્રીય રમતોત્સવમાં દેશની ૨૫ સહિત ગુજરાતની ૯ (નવ) મહિલાઓના સ્થાન :**

આંતરરાષ્ટ્રીય રમતોત્સવમાં દેશની ૨૫ સહિત ગુજરાતની નવ મહિલાઓને સ્થાન મળ્યું છે. આ મહિલાઓ ઈન્ડોનેશિયા ખાતે યોજાનારી મહિલા ફુટસલ એશિયન કપ-૨૦૨૫માં ભાગ લેશે.

સ્પોર્ટ ઓથોરિટી ઑફ ગુજરાતના ઉપક્રમે ભાવનગરમાં યોજાયેલ ફુટસલ પસંદગી અને તાલીમ કેમ્પમાં દેશની ૬૨ પ્રતિભાશાળી મહિલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં પસંદ થયેલી દેશની ૨૫માંથી ગુજરાતની ૯ (નવ) ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પસંદગી પામેલા આ મહિલા ખેલાડીઓમાં

(અનુસંધાન પૃષ્ઠ ૩૦ ઉપર)

અમેરિકાના કેલિફોર્નિયાથી શ્રીમતી મેરી અને શ્રી પૉલ કે જેઓ કેલિફોર્નિયામાં મૉન્ટેસરીના બાળકો માટે શિક્ષણકાર્ય કરે છે, જેઓ સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓની મુલાકાતે આવ્યા હતા. મુલાકાત દરમિયાન સંસ્થાની તમામ શાળાઓના બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમ ખૂબ જ રસપૂર્વક નિહાળ્યા હતા તથા સરસ્વતી બાળવિહારના બાળકો માટે મૉન્ટેસરીના સાધનો ભેટ આપ્યા હતા.











**ઘરશાળા**
જાન્યુઆરી-૨૦૨૫

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024 (Applied for Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ.૨૦૦/-



સામાન્ય વ્યવહારમાં અસત્ય ન બોલવું કે ન આચરવું એટલો જ સત્યનો અર્થ નથી. પણ સત્ય એ જ પરમેશ્વર છે ને તે સિવાય બીજું કશું નથી. એ સત્યની શોધ અને પૂજાને અંગે જ બીજા બધા નિયમોની આવશ્યકતા રહે છે ને તેમાંથી જ તેની ઉત્પત્તિ છે. આ સત્યના ઉપાસક પોતે કલ્પેલા દેશહિતને સારૂ પણ અસત્ય નહિ બોલે, નહિ આચરે. સત્યને અર્થે તે પ્રહલાદની જેમ માતાપિતા દિ વડીલોની આજ્ઞાનો પણ વિનયપૂર્વક ભંગ કરવામાં ધર્મ સમજે.

મો. ક. ગાંધી

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું